
# દ્યુતિ




# - શ્રી યોગેશ્વર

## NOTICE

**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.

* * * * *



e-book

| | |
|---|---|
| Title | : Dhyuti |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 113 |
| Created | : March 21st, 2009. |

## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * * * *

## સ્વકીય



આશરે બે વરસ પહેલાં મારો અભીપ્સા કાવ્યસંગ્રહ બહાર પડેલો. એમાં ઈ. સ. ૧૯૪૪ થી માંડીને ઈ. સ. ૧૯૫૫ સુધીનાં કાવ્યો સ્થાન પામેલાં. આ કાવ્યસંગ્રહ એ દ્રષ્ટિએ આધુનિક કહી શકાય એવો છે. આ કાવ્યસંગ્રહનાં કાવ્યો છેલ્લાં ત્રણેક વરસ દરમ્યાન રચાયેલાં છે.

કાવ્યરસિકો એમનો આસ્વાદ લેશે એવી આશા છે.

આ સંગ્રહનાં પ્રકાશનમાં શક્ય તેટલી બધી જ રીતે સહાયતા કરનારાં રાજકોટની માતુશ્રી વીરબાઈ મહિલા કોલેજના ગુજરાતીનાં પ્રાધ્યાપિકા કાશ્મિરાબેનને આત્મિક અભિનંદન આપું છું. સરસ્વતીચંદ્રના સર્જકના સુયોગ્ય સંસ્કારસ્વજન સાક્ષરવર્ય શ્રી ઉપેન્દ્રભાઈ પંડ્યાનો પણ એમણે આ સંગ્રહને અર્પેલી અંજલિ બદલ આભાર માનું છું. એના પ્રકાશક તો અભિનંદનને પાત્ર છે જ.

- **યોગેશ્વર** (તા.૫-૫-૧૯૭૫)

## અંતરની દ્યુતિ

સાધુચરિત શ્રી યોગેશ્વરજી વેદાન્તી, પ્રભાવક વ્યાખ્યાતા, ઉપદેષ્ટા કે પરિવ્રાજક તરીકે જ નહિ, સત્વશીલ લેખક તરીકે પણ ગુજરાતમાં સુપ્રસિદ્ધ છે. 'યોગાનુયોગ', 'પરભવની પ્રીત' જેવી સાત્વિક નવલકથાઓ તેમજ ગીતા, ઉપનિષદ્, ભાગવત, રામાયણ જેવા આપણા ધર્મગ્રંથોનું સંદોહન કરીને 'ગીતાદર્શન', ઉપનિષદ્ નું અમૃત', 'ધર્મનો સાક્ષાત્કાર', આદિ ચિંતનપ્રધાન કૃતિઓ એમણે લોકભોગ્ય શૈલીમાં રચી છે. ચરિત્રગ્રંથો ને પ્રસંગકથાઓનું પણ એમણે આલેખન કર્યું છે. પોલ બ્રન્ટનના 'A Search in Secret India' નો 'ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં' એ શીર્ષકથી એમણે પ્રાસાદિક અનુવાદ કર્યો છે; તો 'કૃષ્ણ-રુકિમણી', 'ગાંધીગૌરવ' જેવી સુદીર્ઘ કાવ્યરચનાઓ તેમ 'અંતરનો આલાપ', 'અભીપ્સા' જેવી દસેક કાવ્યકૃતિઓના પ્રકાશનથી યોગેશ્વરજીએ એમની પ્રતિભાના સાતત્ય અને વૈપુલ્યની હૃદ્ય પ્રતીતિ કરાવી છે.

પણ યોગેશ્વરની કક્ષાના સાધકો કે ચિંતકોની કાવ્યરચનાને કાવ્યૈક દ્રષ્ટિથી- કલૈક દ્રષ્ટિથી મૂલવવામાં કદાચ અન્યાય ને ગેરસમજ થવાનો સંભવ છે; એટલા માટે કે એમને મન તો આ સઘળું નિમિત્તમાત્ર છે. પરતત્વાભિમુખ સાધનાલીન ચિત્તે જે સંવેદન એમણે અનુભવ્યું ને આત્માભિવ્યક્તિના અવિયોજ્ય અંશરૂપે જેને શબ્દબદ્ધ કરવાનો એમણે પોતાનો ધર્મ માન્યો, એ અવસ્થામાં એમને મન તો સુંદર પણ સત્ય ને શિવનું સાધન જ બની રહે, એથી વિશેષ મહત્વ એ એને ભાગ્યે જ આપે. એથી એમના સર્જનવ્યાપારમાં શબ્દ સાધ્ય ન બનતાં સાધન બનવાનો સંભવ વિશેષ છે. શબ્દની આરાધના દ્વારા સૌંદર્યની સાધના માટે એ વિશેષભાવે મથ્યા હોય, કાવ્ય સિદ્ધ કરવાનો ઉદ્દેશ કે ઉપક્રમ એમણે રાખ્યો હોય, એવું અહીં ખાસ જણાતું નથી. જે સ્વાનુભૂત છે, જે સ્વસંવેદ્ય છે, તેને અભિવ્યક્ત કરતાં જો સહેજે કાવ્ય નીપજી રહે તો એના જેવું રૂડું શું ? પણ એ માટે એમણે કોઈ પૃથક્ પ્રયત્ન કર્યો જણાતો નથી. એમની અભીપ્સા તો છે હૃદયને તરતું મૂકવાની. જમનામૈયા જેવી પ્રસન્નગંભીર નદીનાં જળમાં શ્રદ્ધાલીન હૃદયે કોઈ ભક્તજન દીપ એક પછી એક તરતા મૂકે, કોઈ દીપ પ્રવાહમાં દૂરદૂર તણાતા જાય, કોઈ પવનની ઝપટમાં ઘડી બે ઘડીમાં વિલીન થાય, કોઈ સ્થિર તેજે ચમક્યાં કરે, એને મન તો સૌ સરખું છે, કેમ કે એ તો લીલા છે ને માત્ર લીલારૂપે જ એને નીરખવી રહે છે.

'દ્યુતિ'માં છાંદસ તથા ઉભય પ્રકારની રચનાઓ છે. સવૈયા, હરિગીત, અનુષ્ટુપ, મિશ્રોપજાતિ, વસંતતિલકા, શિખરણી, મંદાક્રાન્તા, પૃથ્વી જેવા વિવિધ છંદોમાં એમણે રચના કરી છે. પણ એમાં જેટલું સૌકર્ય છે તેટલું સૌંદર્ય છે એમ નહિ કહી શકાય. એમણે લઘુ-ગુરૂની કઠે તેવી છૂટ ક્યાંય ભાગ્યે જ લીધી છે, શબ્દો એમને સાંપડી રહે છે. પણ એ શબ્દો નૂતન છાંદસ અવતાર પામ્યા હોય, કાવ્યાનુકૂળ કે કાવ્યાનુરૂપ બની ગયા હોય એવું જણાતું નથી, કેમ કે એમણે અભિવ્યક્તિની બહુ તમા કરી નથી. જે સહેજે સૂઝ્યું તે લખ્યું. એથી જ અછાંદસ રચનાઓ પણ ગદ્યના સીમાડા ભેદીને ઊંચે જતી દેખાતી નથી. 'ખલુ' કે 'આદુ ખાઈ', 'કરે કોશિષ થોડી', 'માહિતી તમને નથી એની મળી ?' જેવા પ્રયોગ કાવ્યાનુકૂળ જણાતા નથી. 'પેઢી' એટલે જ ગદ્યાળ લાગે છે. 'ની' જેવો વિભક્તિ-પ્રત્યય છૂટો પાડી ખંડિત પ્રત્યય માત્રથી પંક્તિનો અખંડ

આરંભ થાય ત્યારે તે વિલક્ષણ લાગે છે; એથી શ્રુતિ-સુભગતાને પણ હાનિ પહોંચે છે. (ઉ. ત.'ની સમાપ્તિ સમીપમાં આવી ગઈ' કે 'ની કાયાને મંથન ઉરમાં.......') અનુષ્ટુપમાં શબ્દ કૃત્રિમ રીતે તોડવો પડ્યો છે તે પણ ક્લેશકર લાગે છે ('અનેકવિધ આશંકા\ઓનાઅભ્રો અશાંતિનાં')

આમ અભિવ્યક્તિની મર્યાદાઓ કઠે છે; પણ આ રચનાઓ એમાંની ભાવદ્યુતિને લીધે આકર્ષક બની છે. 'વીણાનું વાદન' માં બધો અહંકાર ઓગાળી નાખતાં કવિ કહે છે : મારી વીણાને હું મારી મેળે વગાડું છું એમ લાગતું નથી. મારી વીણાના તાર, એ તાર પર ફરતી અંગુલિ, બધું ભલે એનું એ હોય પણ એનો વગાડનાર તો કોઈ બીજો છે. એની એ વીણા ઘણીયે વાર મારી ઈચ્છા છતાં વાગતી બંધ પડે છે ને અનિચ્છાએ પણ અજબ રીતે વાગે છે, એટલે મારો એની પર એકાધિકાર નથી જ એમ મને લાગે છે તો 'સમસ્યા' માં કવિ કહે છે: આવી પાપ-પુણ્ય ને સુખદુઃખાદિમિશ્રિત દ્વંદ્વાત્મક સૃષ્ટિ કોણે રચી હશે ? પણ પછી કવિ સમ પર આવીને કહે છે. ભલેને ગમે તે હેતુથી ગમે તેણે આ સૃષ્ટિ રચી હોય; તારે તેની શી પંચાત ? ભલા, એ કહેને કે ખુદ તું હવે આ સૃષ્ટિમાં શું કરવા ચાહે છે ? ' સિદ્ધિઓ' પણ કવિના સાચા માનવપ્રેમને મુખરિત કરે છે. ત્રિકાળજ્ઞાન ભલે ન લાધે, ઈપ્સિત ભલે ન મળે, સંકલ્પસિદ્ધિઓ ન સાંપડે, યદચ્છા-વિહાર ન થાય, દીર્ઘાયુ ન થવાય, પંખીઓની ભાષા ન સમજાય, આવી કશીયે અસાધારણ સિદ્ધિ ભલે ન મળે; પણ માનવની ભાષા-પોતાના મનની ભાષા-જો સમજી શકાય, જેટલું જીવવા મથ્યું તેટલું પણ જો જીવી શકાય. તો તેય પૂરતું છે.

'સંધિનું સ્વાગત' માં માનવતાના મૂળભૂત મંગલનું સ્વાગત કરતાં કવિ કહે છે:

વ્યોમના વિતાનમાં સંધિસ્વર છૂટે  છે,
એના પ્રસન્ન પરિણામને પેખો તો ખરાં !
પુલકિત બની જાય છે આ આખીયે ધરા.

'પુરસ્કાર', 'મૂડ', 'સુખ અને દુઃખ', 'નીચેથી જ ઉપર', 'સંગીત', 'બે ભક્તો', 'તું ને હું', 'શંકરને' જેવી રચનાઓ મધુર ભાવોન્મેષને લીધે આસ્વાદ્ય બની છે. 'તું ને હું' માં કવિ જે કહે છે તે જીવ અને શિવના સંદર્ભમાં કેટલું સાચું છે !

ઉસ્તાદથી સાર્થ થતી સિતાર તો
ઉસ્તાદયે ધન્ય બને સિતારથી.

'શંકરને' માં કવિહૃદય સૃષ્ટિનાં સોમલને શમાવવા શંકરને પ્રાર્થે છે, પણ એ જો શક્ય ન હોય તો વાંછે છે-

સોમલને સુધા સમજવાનું સૌભાગ્ય દો, શંકર !

'દર્શન', 'મુંબાઈ બંધ', 'કાયાપલટ', 'લાડકવાયો', 'આઝાદી' જેવી રચનાઓમાં માનવીય સ્તરે કેવા ભાવો યોગેશ્વરજી હૃદયની ઋજુતાથી અનુભવે છે તે જણાશે. આ યોગીહૃદય કવિની આર્દ્રતાથી ઝંખે છે-

ઊગું ઊર્ધ્વમાં, વિસ્તરું વિરાટમાં,
પરંતુ પૃથ્વીને વિસારું નહીં.

પૃથ્વીનાં ને પૃથ્વીપારનાં તત્વોનો યોગ 'દ્યુતિ' માં ક્યાંક ક્યાંક સુભગ બન્યો છે અનુભૂતિની સાથે અભિવ્યક્તિનું સામર્થ્ય જો વિશેષરૂપે સિદ્ધ થાય તો યોગેશ્વરજીની રચનાઓ વધુ સંતર્પક નીવડી રહે.

કોઈએ કહ્યું છે : "Great and good are seldom the same man.'' પણ કવિતામાં આવું " Great ને Good નું યુગપત્ મિલન શક્ય છે. કવિનું ને યોગીનું હૃદય એ માટે ઉત્તમ ભૂમિકા સર્જી શકે. એ થશે ત્યારે કવિતા જે કીમિયો કરશે તે કંઈ ઓર જ હશે.

**- ઉપેન્દ્ર છ. પંડ્યા**

તા.૧૪-૫-૭૫ (રાજકોટ)

# અનુક્રમણિકા

૧. વીણાનું વાદન
૨. વારિધિ
૩. વાદળ
૪. સમસ્યા
૫. દ્રષ્ટિ
૬. સૈનિકોને
૭. યુદ્ધની વેળાએ
૮. મનીષા
૯. પ્રેમથી
૧૦. સિદ્ધિઓ
૧૧. સંધિનું સ્વાગત
૧૨. અસલ અને નકલ
૧૩. પુરસ્કાર
૧૪. કારણ
૧૫. પ્રાર્થનાનું બળ
૧૬. મોરલી
૧૭. માનવની ભાવના
૧૮. સુખ અને દુઃખ
૧૯. કોણ કહી શકશે
૨૦. તમારે અને અમારે
૨૧. નિશ્ચય
૨૨. મૂડ
૨૩. લોકાપવાદ
૨૪. જેલ
૨૫. તારો સાક્ષાત્કાર
૨૬. ક્ષુધા, તૃષ્ણા તથા તાપ
૨૭. નીચેથી ઉપર
૨૮. જીવનની વીણા
૨૯. સંગીત
૩૦. તું અને હું
૩૧. બે ભક્તો
૩૨. ચમક
૩૩. ના માગું
૩૪. પરબ
૩૫. ત્રિભંગ
૩૬. કવિતા
૩૭. તુષાર બિંદુ
૩૮. પીડાભાર
૩૯. સાધના
૪૦. જોગન
૪૧. એક દ્રષ્ટિપાત
૪૨. શોધ
૪૩. સોમનાથને
૪૪. શંકરને
૪૫. ગુડી પડવો
૪૬. કવિતા
૪૭. ગોવિંદ ગા
૪૮. રામ કરે તે
૪૯. હરિનામ
૫૦. ઉકળાટ
૫૧. પુણ્ય પ્રવાસ
૫૨. અહીં અને અત્યારે જ
૫૩. રક્ષાબંધન
૫૪. કવિતા જ કવિતા
૫૫. જગત
૫૬. શું સમજવું ?
૫૭. સરિતાનું અટ્ટહાસ
૫૮. યક્ષ
૫૯. પ્રેમમાં નહીં ફસું
૬૦. ભાગ્ય
૬૧. પુણ્ય
૬૨. છંદ
૬૩. સિંધુ તટે
૬૪. પેઢી
૬૫. મૂળ સ્થાન
૬૬. ધન્ય
૬૭. નૂતન વર્ષ
૬૮. ભગિની
૬૯. હંસ
૭૦. શું કરીએ
૭૧. દર્શન
૭૨. અબ્ધિ પાસે
૭૩. બડભાગ
૭૪. હજુ કેમ
૭૫. ફૂલ
૭૬. પ્રેમાલાપ
૭૭. જીવન અને અધ્યાત્મ
૭૮. નૌકા પડી રહી છે
૭૯. પતંગ
૮૦. ધન્ય દિન
૮૧. એવી જ રીતે.
૮૨. બુદ્ધિના બોલ
૮૩. મુંબાઈ બંધ
૮૪. કાયાપલટ
૮૫. આઝાદી
૮૬. લાડકવાયો
૮૭. સાર્થક્ય

૮૮. પ્રતીતિ
૮૯. ઓળખો છો ?
૯૦. નયન
૯૧. મુખડું
૯૨. રામાયણ
૯૩. નગ્નતાનો નાચ
૯૪. શાંતિ થકી સહેવું
૯૫. પ્યાસ
૯૬. વટવૃક્ષ

***

હવે કવિતા એક કરવી.
એક કરવી ?
એક કરવી ને જગતને મિષ્ટ ધરવી.

અક્ષરે અંકિત નહીં, અંતરમહીં
રોમરોમે શાંત વણવી;
જિંદગીમાં ના, અખિલ આ
જિંદગીને કાવ્ય કરવી.

***

## ૧. વીણાનું વાદન

મને નથી લાગતું,
મારી વીણાને હું મારી મેળે જ વગાડું છું,
વગાડી શકું છું;
એની ઉપર મારો સર્વાધિકાર નથી.

પહેલાં એવું માનતો કે એને હું જ વગાડું છું,
વગાડી શકું છું;
કિન્તુ તે દિવ્ય દિવસે,
તે ધન્ય ક્ષણે, પાવન પળે, પેખ્યું
કે વીણા એની એ હતી,
એના તાર પણ એના એ જ હતા,
વગાડનારનો હાથ, એની અંગુલિ પણ એ જ હતી.
તો પણ વીણાનું વાદન નહોતું થતું,
નહોતું થઈ શકતું,
કારણ કે એની અંદર, એ વગાડનારની અંદર,
તારૂં અસ્તિત્વ નહોતું,
તારો રમણીય રસરાસ નહોતો રમાતો.
ત્યારથી મારો અહંકાર ઓગળી ગયો છે;
એ અહંકાર પછી પેદા જ નથી થયો.

વગાડનારો હું નથી હોતો તો વીણાને કોણ વગાડે છે,
હવે એ સમજાઈ ગયું છે.
સારી પેઠે સમજાઈ ગયું છે.
મને નથી લાગતું,
મારી વીણાને હું મારી મેળે જ વગાડું છું,
વગાડી શકું છું;
એની ઉપર મારો સર્વાધિકાર નથી.

***

## ૨. વારિધિ

જ્ઞાનનો વિશાળ વારિધિ-
એનું માપ કોણ કાઢી શકે ?
કોણ કાઢી શકે એનો તાગ ?
પરમજ્ઞાનનો પવિત્રતમ વિશાળ વારિધિ.

એ મને જ્ઞાનનો વિશાળ વારિધિ કહે છે
ત્યારે મને આશ્ચર્ય થાય છે ને હસવું આવે છે.
હું એમની આગળ સ્પષ્ટીકરણ કરું છું,
જ્ઞાનનો વિશાળ વારિધિ હજુ દૂર છે.
એનો સંસ્પર્શ મેં નથી કર્યો,
નથી એનું આચમન કર્યું,
અથવા એના અવગાહનનો આનંદ લીધો;
હું તો એના તપઃપૂત તટપ્રદેશ પર બેઠો છું.
છતાં એ મને વારિધિ કહે છે -
જ્ઞાનનો વિશાળ વારિધિ,
અનુભવાત્મક આત્મજ્ઞાનનો વિશાળ વારિધિ.



***

### ૩. વાદળ

ગાઢ આવરણ વિધુની આગળ વાદળ કેરું આવે,
પ્રકાશ પ્રકટ્યો પરમ છતાંયે એકાએક ન ફાવે;
મટે ચારુતા નહીં તોય ના દ્રષ્ટિગોચર થાય,
આકર્ષણ માધુર્ય એહનું નિરર્થક બની જાય.

એવી રીતે અવિદ્યાતણું વાદળ અતિ ઘેરું
આત્માની આગળ આવીને અલૌકિક અનેરું
ફરી વળે આત્માનુભૂતિ ના ત્યારે અમૂલખ થાય
અનંત વૈભવ આત્મા કેરો ના સમજાય જરાય.

***

## ૪. સમસ્યા

વિરોધાભાસે ભરી સૃષ્ટિને કોણે કરી,
અને કીધી તોય આ કાલિમા સંતાપની
કલેશની દુઃખોતણી એ મહીં શાને રચી,
પ્રતિપદે તેમજ પળે પાશવી પીડાતણી

જગાવી કાં જ્વાળને સર્વસંહારક બધે,
અરે સંમિશ્રિત અહીં અશ્રુ ને આનંદને
કર્યાં શાને; ના જ જો લેશ આ સર્જનતણી
કરી હોત ઉપાધિ તો થાત શ્રેયસ્કર નહીં ?

વિરોધાભાસે ભરી સૃષ્ટિને કોણે કરી,
કરી શાને એ બધી સમસ્યાઓ અવનવી
જગાવીને ચિત્તને ભ્રાંતિ-ભીતિ-અશાંતિથી
ભરી દેવાથી બની જશે ભારે જિંદગી;



કરી જેણે હેતુને કાજ જે હોયે ભલે,
વિચારી લે તું ચહે સ્વયં શું કરવા હવે.

***

## ૫. દ્રષ્ટિ

વિશાળ વારિધિ જેવું વિશ્વ
એમાં પાંચેક જેટલા પૃથક ખંડપ્રદેશ
એમાં વળી પેટાપ્રદેશ
એમાં એકાદ સ્થળે સાધારણ સલિલબિંદુ સરખું ભારત
એમાં વળી એનો એક નાનો સરખો પ્રદેશ
એનું એથીયે નાનું સ્થળ
શહેર કે ગામ
એમાં થતી પ્રવૃત્તિ
એનો વળી આટલો બધો અહંકાર શો ?
વિશાળ વિશ્વના હિસાબે એનું સ્થાન કેટલું ?
૦૦૦
પરંતુ....
વિશાળ વારિધિ જેવું વિશ્વ
એમાં પાંચ જેટલા પૃથક પૃથ્વીપ્રદેશ
એમાં વળી પેટાપ્રદેશ
એમાં એકાદ સ્થળે સાધારણ સલિલબિંદુ સરખું ભારત
એમાં વળી એનો એક નાનો સરખો પ્રદેશ
એનું એથીયે નાનું સ્થળ
શહેર કે ગામ
એમાં થતી પ્રવૃત્તિ પણ મહત્વની
વિશ્વના વિશાળ હિતને માટે ઉપયોગી છે
એમ માનીને એને નમ્રતાપૂર્વક કરવામાં આવે
નાના કે મોટા બધા તરફથી બધે સ્થળે કરવામાં આવે તો....

***

## ૬. સૈનિકોને

ફૂંકાયા શંખ ને વાગ્યાં રણશીંગાં અસંખ્ય ત્યાં
કોલાહલ કરી યુદ્ધે પ્રેરવા માનવીનો
વ્યાપ્યો ભય તદા કલૈબ્યે ભરેલાં અંતરો મહીં
ચિંતાતણી ચિતા જાગી કારમી પ્રલયંકરી

અનેકવિધ આશંકાઓનાં અભ્રો અશાંતિના
આટાપાટા રમી પામ્યાં આવિર્ભાવ સ્થળે,
કિન્તુ અંતર યોદ્ધાનાં શૌર્યે થનગની રહ્યાં
કરવા શત્રુનો ધ્વંસ વરવા જયને વળી.

સત્યનો ન્યાય-નેકીનો જય છે સર્વદા જગે
વરે છે વિજયશ્રી તે શ્રદ્ધા છે જેમની રગે,
સાફલ્ય સાંપડે શૌર્ય ધર્મને, ના અધર્મને,
સૈનિકો શાસ્વતી શ્રદ્ધા સજીને અંતરાત્મમાં

એવી ધપો બઢો યુદ્ધે કિલષ્ટ કર્તવ્યમાર્ગમાં
દેવી વિજયની જેથી રહી જાય અનાથ ના.


***

## ૭. યુધ્ધની વેળા

વિસ્તરે ગડ અંગે ને સડે ના ઔષધે મટે
બગાડે અંગને અંતે બને ઘાતક તે સમે
ઉપાય અન્ય ના એકે રહે શેષ બચાવવા
વ્યક્તિને, હિંમતે શસ્ત્રે એને નસ્તર મૂકવું

અનિવાર્ય બની જાયે એથી ના ડરવું જરી.
વિનાશની તથા દૈવી નવસર્જનની બધી
લીલા ઈશ્વરની વિશ્વે શ્રેયસ્કરી બધે થતી
બાહ્ય દેખાવથી કો'દિ જવું ભ્રમિત ના બની.

યુધ્ધ મંગલ ના તોયે અનિવાર્ય બને કદી
વધાવી પ્રેમથી ત્યારે લઈ એ આખરે ઘડી
આણી અનિષ્ટનો અંત સ્થાપવા નવસૃષ્ટિને
હિંમતે મરદા તો છે મદદે પરમાત્મના



હજારો હાથ ધારીને એવું લેવું લડી સદા,
આશીર્વાદ તને મારા દેશ છે દેવદેવના.

***


### ૮. મનીષા

ધરામાં જન્મીને સુભગ સલુણા શૈશવથકી
નવી તૃષ્ણાઓ ને નવલતર આશા ઉર ભરી
કર્યાં નૃત્યો કૈંયે અનવરત તેં સ્થૈર્યસહ તો
કદી અસ્થૈર્યે ને રુદન કરતાં હાસ્ય હસતાં

અનેકો દ્વંદ્વોમાં નિત રત બની શાંતિસુખ ના
છતાં પામ્યો, પામ્યો ધ્રુવપદ નહીં, સ્થૈર્ય પણ ક્યાં
તને લાધ્યું, લાધ્યો સફળ ન કિનારો સફરનો,
ગયું વીતી દૈન્યે પરવશસમું જીવન બધું.

કહે : નાચ્યો નાચ્યો પ્રભુ, અકળ દૈવી અભિનયે
કરી મંચે કૈંયે દિવસ વરસો જીવનતણાં
નવા ઉત્સાહે ને નવલતર રંગે રસથકી
ભરીને આત્માને; નવ હૃદય માગે વધુ હ્વે

લઈને લાચારી જગતપટપે નૃત્ય કરવા;
મનીષા આત્માના પુનિત પથપે પાય ભરવા.



***

## ૯. પ્રેમથી

પૃથ્વી ટકે છે પ્રેમથી.
પ્રેમથી ?
હા. પ્રેમથી. ઊર્મિ થઈ આશ્ચર્યની ?
એ અંતરાત્મ રહી કથી;
આશ્ચર્ય બાકી એ મહીં લેશે નથી.

ના વેરથી પણ પ્રેમથી,
આજથી જ નહીં, યુગોથી—
એહના આરંભની શુભ વેળથી
અને એથીયે પહેલાંથી નકી
ઘડીને કાયા રહી નિશદિન ટકી;
અન્યથા દીસે ન જીવનની વકી.



પ્રેમપારાવારથી છૂટી પડી,
પ્રેમ વિણ ક્યાંથી હસે, જીવી શકે ?
કો અગમ્ય અસીમ શા આકર્ષણે
એટલે તો લીન કરતા આત્મને
પ્રભાકરની પ્રેમપરિકમ્મા કરે
ને શશાંક સદાય એના પ્રતિ ફરે.

સિંધુ-સરિતા-સુમન સૌના પ્રાણમાં
બિંદુ પાવન એ જ પ્રેમતણાં ભળ્યાં;
એહના અદ્‌ભુત પરમસામર્થ્યથી
અંતરો જનનીતણાં પયથી ભર્યાં
કરાવીને પાન શિશુને પાળતાં
નવલ ચેતન પ્રેરણાને ઢાળતાં

ત્યારથી પ્રતિપળે
પ્રેમ પાવન રસ વડે
જિંદગી સૌની ભરે,

શાંતિ કે સુખને ધરે.
અંતકાળે શ્રાંતને આલિંગતાં
સમાવી અંતરમહીં નવજિંદગી—
ના સુધામય સરોદે આત્મા ભરે.

આપણી અવનીમહીં થોડીઘણી
અમીકેરી પાવની આવે પળો,
સ્વલ્પ શાંતિ તથા જણાયે સ્વસ્થતા
રાસ કૈંક રમાય રસનો નિર્મળો
શ્રેય એનું પ્રેમને જ ઘટે બધું,
સાક્ષરોને કહું શું એથી વધુ ?

***

## ૧૦. સિધ્ધિઓ

ભૂત, ભવિષ્ય, વર્તમાન - ત્રણે કાળની માહિતી મળે;
ઈપ્સિત વસ્તુ આપમેળે આવી મળે;
સંકલ્પમાત્રથી દર્દ દુર થાય;
પક્ષીની ભાષા સમજી શકાય;
પૃથ્વીથી ઉપર ઊઠીને આકાશમાં વિહરી શકાય;
એકના અનેક થવાય અથવા અદ્રશ્ય બનાય;
પવન પાણીનું પ્રાશન કરીને દીર્ઘાયુ થવાય ...

એ બધી સિદ્ધિઓને બદલે
જે છે તે જ જાણીને જીવી શકાય;
ઈપ્સિત પદાર્થની પ્રાપ્તિ-અપ્રાપ્તિમાં
મનની સ્વસ્થતાને સાચવી શકાય;
સંકલ્પમાત્રથી રોગ દૂર થાય કે ના થાય પરંતુ નિરોગી રહેવાય;
પક્ષીની ભાષા ભલે ના સમજાય પરંતુ માનવીની—
પોતાના મનની સમજી શકાય;
અવકાશમાં ઉપર ના ઊઠાય તો પણ
આ પાર્થિવ પૃથ્વી પર પ્રામાણિકપણે પગ મૂકાય,
પગલાં ભરાય,
બહુવિધ બની શકાય;
આહારનો આધાર ઉચિત માત્રામાં લેવાય,
જેટલું પણ જીવન હોય એટલું જીવી શકાય;
એટલી જ સિદ્ધિઓ સાંપડે
તો પણ પૂરતું છે.

***

### ૧૧. સંધિનું સ્વાગત

વ્યોમના વિતાનમાં સંધિસ્વર છૂટે છે
એના પ્રસન્ન પરિણામને પેખો તો ખરા;
પ્રભાતના પ્રથમ પ્રહરની સુખદ સંધિ
પૃથ્વીના પ્રાણ જેવા પ્રકાશપુંજ પ્રભાકરને પ્રકટાવે છે,
અને સંધ્યા સમયની સંધિ
ચારુ ચંદ્રના ચેતનપ્રદાયક પ્રાકટ્ય સાથે
રમણીય રસમયી રાતને લાવે છે;
વ્યોમના વિતાનમાં સંધિસ્વર છૂટે છે
એના પ્રસન્ન પરિણામને પેખો તો ખરા;
એની પ્રતિક્રિયાથી પુલકિત બની જાય છે આ આખીયે ધરા.

સંધિમાં સંપ છે, સંગઠન છે,
સંવાદિતા અને શક્તિ છે,
ભૂતને દફનાવવાની, ભાવિને સાકાર કરવાની શક્યતા છે,
એ સ્વાનુભૂતિનો સારમંત્ર છે
એટલે એનું સદાય સ્વાગત હો !
કિન્તુ એ કેવળ કાગળ પર નહિ,
રક્તમાં, રોમેરોમમાં, કાળજાના કણકણમાં હો,
વિચારસરણી ને વર્તનમાં એનો અલૌકિક અવતાર થાય તો
સમૃદ્ધિ ને સમુન્નતિનો રહી શકે સંશય શો ?
સંધિનું, સ્નેહના અમુલખ અક્ષરનું,
માનવતાના મૂળભૂત મંગલનું,
સદાય સ્વાગત હો !

***

## ૧૨. અસલ અને નકલ

નકલનો ભેદ
અસલની અવજ્ઞા
અશાંતિ અને દુઃખનું મૂળ કારણ એ જ છે.
એને લીધે જ જીવ બેચેન બને છે.

અસલ અને નકલને જાણવાની દ્રષ્ટિ ક્યાં છે ?
એ દ્રષ્ટિ આવે તો અસલને ઓળખી શકાય,
અપનાવી શકાય.
વફાદાર રહી શકાય,
આત્મસાત કરી શકાય,
અસલનિષ્ઠ બની શકાય.
અને આખરે અસલ પણ થઈ શકાય.




અસલનો અનુરાગ
નકલનો પૂરેપૂરો તાગ
સુખ ને શાંતિનું સીધું સાધન બને છે,
એને લીધે જ જીવને સાર્થક્ય મળે છે.

***

### ૧૩. પુરસ્કાર

પુસ્તકોના પુરસ્કાર મળ્યા;
સમાચારો લેખકોના
કવિતણા નામાભિધાનો સાથના
વાયુવેગે વર્તમાને અવનવીન વહ્યા,
ભિન્ન પ્રત્યાઘાત કેવા
એહના વ્યક્તિ પરત્વે મિશ્ર કૈંક પડ્યા !

પુસ્તકોના પુરસ્કાર મળ્યા;
હસ્યા કૈં ગૌરવ ગણીને
અર્પતાં અભિનંદનો કૈં
સ્વસ્થ બનતાં યત્ન કરતાં હાસ્યનો
તો કૈં બગાડી વદનને ભમ્મર ચઢાવી
રડ્યા તેમ વદ્યા:
કદર કોઈને નહીં, કોઈ ગુણી જગમાં
દીસતું ના એટલે સર્જન સમુત્તમ તો -
તોય ના પામી શક્યું હા, પારિતોષક કો.



પુસ્તકોના પુરસ્કાર મળ્યા;
પૂછું કિન્તુ આજ કે એ પ્રથમવાર મળ્યા ?
થયું સર્જન તે ક્ષણે ના લેશમાત્ર મળ્યા ?
તો પછી સર્જક તણી ખાવી ઘટે છે દયા.

***

**૧૪. કારણ**

નિતાંત નૈરાશ્ય નિકુંજ નિર્ઝરે
નિહાળતાં ભસ્મિત ભૂતકાળને
કર્યું નહીં ક્રંદન મેં સખેદ
પોકારને પીડ ભરેલ પાડતાં

અનેકધા અંતર આહ સાથે
કીધાં નહીં કે ફરિયાદ માની
આ જિંદગી ઝેર સમાન બોજો
કે આકરો કો અભિશાપ જાણી.

તમે જ છો કારણ એક એનું:
ક્રીડા કરી સંગ ઉછંગમાં કે
સદા તમારી મધુ હૂંફ માણી
પદે પદે સર્વ ક્ષણે અહીં મેં



આ જિંદગીના શુભ બાલ્યકાળથી
અનંત લીધો અનુરાગ ધારી.

***

### ૧૫. પ્રાર્થનાનું બળ

ઘોર વાદળ ગડગડ્યાં વિઘ્નો તણાં વેદન છલ્યાં
દિગદિગંતે છવાયાં દુર્મુખ દળો તામિસ્ત્રનાં
રુંધતા દ્રગને ચમકતી ચંચલા ચપલા રહી
કાળજાને કોરવાની કોશિષો કરતી વળી

પવન પ્રલયંકર પ્રબળતમ ખૂબ ફૂંકાઈ રહ્યા
આગ ઝરતા સ્થૈર્ય હરતા માન ને મૂકી દયા,
સૈન્ય ચારે તરફ ચાલ્યું અવનવીન અશાંતિનું
તોય હાલ્યું હૈયું ના, ના કલૈબ્ય ફાવ્યું; ચારુ ત્યાં

વ્યોમમાં કોણે જગાવ્યું ઈન્દ્રધનુ આકર્ષક ?
પ્રાર્થનાએ, પ્રાર્થનાનું એ હતું અદ્‌ભુત બળ.



***

### ૧૬. મોરલી

મોરલીની માધુરી વિશ્વે વહી :
જાડ્યમાં ચેતન બધે પ્રકટી રહ્યું
અવનવું જીવન મહા જગને મળ્યું
નીર યમુનાનાં દિશાપ્રદિશા વળી

ધૂલિ માર્ગતણી મધુર મંગલ થઈ
પ્રકટ કરવા ચેતના લાગ્યાં નવી.
મોરલી એવી જ આ જીવનતણી
ધારતાં માધવ સમો માધુર્યથી

કરું મંડિત, અવનવા સ્વર રેલતાં
સુધાભર સંસારને રસમય કરું,
અનેરી સૃષ્ટિ કરું સંવાદની
વિશ્વના વૃંદાવને જડ ચેતને



નવો પ્રાણ ભરું અને એના થકી
કરી સ્પંદિત અન્યને તારું, તરું.

***

### ૧૭. માનવની ભાવના

દિનો સુધી ના વરસાદ કેરા
એકાદયે બિંદુ તણો પમાયો
સંસ્પર્શ તો માનવ રોષ ભીનો
બની જઈ વ્યાકુળ ખિન્ન બોલ્યો,
વર્ષાતણાયે નિયમો પહેલાં—
જેવા રહ્યા ના કળિકાળમાં આ,
દયા જરાયે જગની ન એને.

ત્યાં તો પડી મૂશળધાર વર્ષા
આલિંગતાં વ્યાપક વિપ્રયોગને
પૃથ્વીતણી પીડ બધી શમાવતાં.
છતાં વદ્યો માનવ આદ્ર ખાઈ
વર્ષા રહી છે વરસી હવે તો
કલ્યાણ થાયે ખલુ બંધ જો રહે.



મેઘે વિચાર્યું વરસું અને જો
દિનો સુધી ના વરસું જનોને
સંજોગ એવા ઉભયે રુચે ના,
જાણી શકું ના ત્રુટિ શી મહારી
કે ભાવના માનવની નિરાળી
કલ્યાણને ક્યાંય શકે ન ભાળી ?

***

## ૧૮. સુખ અને દુઃખ

પથ પરથી પસાર થતા પીડાગ્રસ્ત પુરૂષે
સાથીને કહ્યું,
વરસાદ આ વરસે ઓછો છે
પચીસ ટકા વરસ બગડી જશે,
એણે દુઃખ લગાડ્યું.

સાથીએ સત્વર જણાવ્યું,
પચીસ ટકા બગડી જશે એ તો સાચું
કિન્તુ પંચોતેર ટકા સુધરી જશે ને ?
એટલી કુદરતની કૃપા.
એણે સુખ વ્યક્ત કર્યું.

***

### ૧૯. કોણ કહી શકશે

કોણ કહી શકશે ?
ખરેખર કોણ કહી શકશે ?
એક ગગનમાં દૂર સદનમાં
છેક સમીપે અન્ય વસે તું,
કોને કહું અધિક કોને કમ
સમજી ના સંપૂર્ણ શકું હું.
તુલના તો પણ કરે આંખ ને
અંતર અનુરાગે ઉભરાઈ
કલ્પના કરે કોશિષ થોડી
આકર્ષણ રંગે રંગાઈ.
ઉભય સર્વપણે સુંદર કોણ વધી શકશે,
ખરેખર કોણ કહી શકશે ?



ચંદ્ર ગગનમાં દીસે સુંદર
સુંદરતર દીસે તું તો પણ,
રસભર એ લાગે પણ તું તો
રસ સાક્ષાત કહે મારું મન.
આહ્લાદક એ, તું આહ્લાદક—
તાજ ખરે સૌંદર્ય સનાતન;
પ્રેમળ એ તું પ્રેમ જ પોતે
અમૃતમય એ તું અમૃતધન
જડ એ તું તો સજીવ,
એ તો મૂક કહે તું કથા નિરંતર
આભધરિત્રીસમું મને તો
દેખાયે ઉભયમહીં અંતર.
તારી સમક્ષ સહસ્ત્ર સુંદર વિધુ પણ ના ટકશે.
ખરેખર કોણ કહી શકશે ?

***

## ૨૦. તમારે ને અમારે

કુબ્જા લઈ વિવિધ અદ્‌ભુત અંગરાગ
માર્ગે મળી પરમ મંગલ એ પ્રભાતે
ત્યારે તમે સકળ સુંદર સાધનોને
સૌંદર્યનાં ગ્રહણ શીઘ્ર કર્યાં સ્મિતે ને

એ કંસની પ્રણયપાવન સેવિકાને
સ્પર્શી કરી સુભગ સુંદર અંગવાળી
ધન્યા વળી, મધુરવી શુચિ એ કથાને
મેં સાંભળી હૃદયમંદિર ભક્તિ ધારી.

કાયા કુરૂપ ત્યમ જીવતણું સ્વરૂપ
સૌંદર્યહીન જગના વિષયોપભોગોની—
સેવથી, ક્યમ બને અભિરામ પાછું
ગાયે કૃતાર્થ બનતાં નિજ પૂર્ણતાનું



સંગીત ? માત્ર કરુણા કરવી તમારે,
લેવું જરી શરણ સ્નેહથકી અમારે.

***

## ૨૧. નિશ્ચય

વાદળાં છે છવાયાં અતિઘોર
વ્યોમમાં ભારે મચાવે શોર,
ચમકતી ચપલા અગન-આંજી
આંખ સાથે અંધકારતણા
ઊતર્યા ઓળા ચતુર્દિશ આ,
દીસતું દુનિયાતણું કૈં ના
કિન્તુ તોડી સૂર્યનાં કિરણો
દિવાલોને દીનતા કેરી
કરી દે વાતાવરણ નિર્મળ
પુનઃ ઉત્સવ કરે ને જળસ્થળ,
વ્યોમ સાથે મીટને માંડી
પવન એની પીટતો દાંડી
*
ઘોર વાદળ વેદનાકેરાં
પીડનાં ચિંતાતણાં ન્યારાં
ભીતિ ને પ્રતિકૂળતા તેમજ
છવાયેલ અશાંતિના આજે
ભલે જીવનવ્યોમમાં જોઈ
એમને ડગવું નથી ડરવું
લેશ ના, પાની નથી ભરવી
જરીયે પાછી, નથી સ્વપ્ને
ધારવું નૈરાશ્ય, હિંમતથી
માર્ગ કરતા પ્રતિબળે આગળ
પામવું ધ્રુવપદ પરમ શાશ્વત.



***

## ૨૨. મૂડ

સંગીતજ્ઞે હાથમાં સિતારને લીધી તો ખરી
કિન્તુ બીજી જ ક્ષણે એને બાજુ પર મૂકીને કહ્યું,
સિતારના સુરીલા સુસ્વર છોડવાનો મૂડ નથી.
અને સિતાર સ્વલ્પ પણ વાગી જ નહિ,
ના વાગી શકી.
*
કવિએ કલમ લઈને કાગળ પર લખવા માંડ્યું
કિન્તુ બીજી જ પળે કહ્યું.
આજે નહિ લખાય, નહિ લખી શકાય;
શબ્દના અને અર્થના રહસ્યનું ઉદ્‌ઘાટન નથી થતું;
આજે મૂડ નથી.
*
કળાકારે પીછી લઈને કશુંક કળાત્મક દોર્યું,
એકાદ રેખા ખેંચી,
કિન્તુ બીજી જ ક્ષણે પીંછી પાછી મૂકીને કહ્યું,
ચિત્ર નહિ દોરી શકાય,
આકૃતિ લેશ પણ નહિ અંકિત થાય,
આજે મૂડ નથી.
*
સલાહકારે સુફિયાણી સલાહ આપતાં કહ્યું,
કાલે આવો તો ?
કાલે સલાહ અવશ્ય આપીશ, આપી શકીશ;
આજે મૂડ નથી.
*
સરિતાનું અભિસરણ થયે જ જાય છે,
વાયુ વહ્યે જ જાય છે.
રવિ કદીયે રજા પર જાય છે ?
ધરતી અને આસમાન થાક ખાય છે ?
જે જીવનના અલૌકિક આદર્શની સાથે- તમારી સાથે

અનુસંધાન સાધે છે
એને વળી મૂડ શું
ને મૂડ નથી એવું ય શું ?

*

મૂડ મોટો નથી મોટો માનવ છે,
કિન્તુ એ ભૂલી જવાય છે
ત્યારે મૂડ મોટો જણાય છે.

***

## ૨૩. લોકાપવાદ

શ્વાન ભસવા લાગ્યા
ગર્દભ મન મૂકીને બરાડવા,
શિયાળ પોકારી
કાગ કાકકાક કરીને
પેટ ભરીને પ્રતિકાર કરવા માંડ્યા;
સમીરના સુસવાટાએ ચર્મને ચીરવાની
ધૂળે ધૂલિધૂસર કરવાની કોશિષો સાથે
તાંડવ આદર્યાં,
તો પણ એમનું કશુંયે ના ચાલ્યું.

ગિરિ એવો જ ગંભીર ગૌરવશાળી અને અચળ રહ્યો,
હાથી એની રીતે આગે બઢતો જ ગયો,
એનું રુંવાડુંય ના હાલ્યું.
આખરે એ બધું નાસીપાસ થયું, શાંતિ પામ્યું.

ooo

## ૨૪. જેલ

અપરાધીઓથી ભરેલી જેલમાં
અપરાધીઓ તરફથી એમનું,
સ્નેહપૂર્ણ સ્વાગત કરવામાં આવ્યું ત્યારે—
એમની આંખ ભીની થઈ.

કેટલાય સજાપાત્ર અપરાધીઓએ જણાવ્યું
અમને ખોટી રીતે સજા કરવામાં આવી છે.
અમારામાંથી સાચા અપરાધી તો ઓછા છે.

એમની કથાને સાંભળીને આગંતુકે જણાવ્યું,
અવનીમાં જેટલા પણ અપરાધો થાય છે
એ બધા જ અપરાધ કરનારાને પકડવામાં આવે
તો બહારની દુનિયા આખીયે જેલ બની જાય;
આ નાનકડી જેલ નિર્દોષોનું નિવાસસ્થાન થાય.
જેલ ખૂબ જ નાની પડે.

અપરાધીઓને એકાએક આશ્વાસન મળ્યું.

***

## ૨૫. તારો સાક્ષાત્કાર

સૌથી પહેલાં હું તને વ્યોમમાં વિરાજેલો માનતો
તારી પ્રાર્થના કે સંસ્તુતિ કરતાં
વ્યોમ પ્રતિ દ્રષ્ટિપાત કરતો.

પછી તને મારી સમક્ષ ઉપસ્થિત જોવા લાગ્યો;
સામે પેખીને પ્રાર્થતો રહ્યો.

એનો પણ એકવાર અંત આવ્યો.
હું તને મારી અંદર
અંતરના અંતરતમમાં
અંતર્યામી અંતઃસ્થ ચેતનારુપે
મારા મંગલ મંદિરના પવિત્ર પ્રદીપ પેઠે
નિહાળતો થયો.



પછી મારા રોમરોમમાં
અવનીના અણુઅણુમાં
અને આખરે મારા પોતાના જ સ્વરૂપે
તારો સાક્ષાત્કાર થયો.
આપણો રહ્યોસહ્યો ભેદ પણ મટી ગયો.

***

### ૨૬. ક્ષુધા, તૃષ્ણા તથા તાપ

ક્ષુધાની જ્વાળાને પ્રખરતમશી તૃપ્ત કરવા
અપેક્ષા ના રે'તી સકળ જગના વ્યંજનતણાં
મહાભંડારોની, ઉદર ભરવા યોગ્ય જ થતું
અમી જેવું અન્ન; તૃષિત જનને તૃપ્તિ ધરવા.

ન આકાંક્ષા રે'તી શુચિ સરિતની - માત્ર જળની;
તપેલો તાપે ને પથિક દુનિયાની સકળ ના
ચહે છાયા, શીળી સુખદ દ્રુમની છાંય મળતાં
થતી એની કાયા પુલકિત તથા ચિત્ત ઠરતું.

તપેલો મારોયે યુગ યુગ થકી જીવનતણા
પ્રવાસે આ આત્મા સુખદ મળતાં છાંય મધુરી
તમારી આનંદે કૃતકૃત બની નર્તન કરી
રહેશે, વર્ષોની અવિચળ તૃષા તૃપ્ત બનશે

કૃપાના અબ્ધિના અમૃત ઝરતાં બિંદુ ભરથી;
ક્ષુધાયે સાનિધ્યે તરત જ થશે સાર્થક શમી.

***

## ૨૭. નીચેથી જ ઉપર

પર્વત પર પહોંચેલાને પેખીને
પર્વતની પ્રશાંત તળેટીએ ઊભેલા વિચારે ચઢે છે :
કેવી રીતે આ બધા ઉપર પહોંચી ગયા,
કેટલે બધે ઉપર પહોંચી ગયા;
આપણે તો એકદમ નીચે છીએ.

ત્યાં તો
એમનામાંના એકાદનો અંતરાત્મા કહે છે—
એ બધાય એક દિવસ નીચે હતા,
આવી રીતે જ નીચે હતા,
આપણી પેઠે જ નીચે હતા.

***

## ૨૮. જીવનની વીણા

જીવનની મધુમયી, જીવનપ્રદાયિની વીણા છે.
એને લઈને ઉપર ને નીચે,
પૂર્વ ને પશ્ચિમ, ઉત્તર ને દક્ષિણ,
ઈચ્છાનુસાર બધે જ
અકુંઠિત ગતિથી ફરૂં છું;
ન જાણે કેટલાય કલ્પોથી ફરૂં છું.

જીવનની વહ્ાલભરી વેદનાછલેલી વીણા છે.
એથી ડોલું છું, ડોલાવું છું,
રસ ભરૂં છું, રસ ધરૂં છું,
જીવન લહું છું, જીવન બનું છું.

આત્મસંતોષ એટલો અવશ્ય છે—
એ જેની છે એના જ જયગાનથી ઝંકૃત કરૂં છું.


જીવનની
જડમાં જીવન જગાવનારી
મૃતને અમૃત બનાવનારી વીણા છે.

***

## ૨૯. સંગીત

તંબુરા પર સુમધુર સ્વરમાં ગીતો ગવાઈ રહ્યાં છે ત્યારે
મારા સમીપવર્તી સદનમાં બેસીને
એમનો આસ્વાદ લઉં છું.

ભજનિકો મને આમંત્રણ આપવા આવે છે
કિન્તુ એમને નમ્રતાપૂર્વક, નિખાલસતાથી,
ના પાડું છું.
એ મને નાસ્તિક અથવા નીરસ સમજે છે.
કિન્તુ.....



આંખમાં અશ્રુમાળા લઈને
તનના તંબુરા પર
તારા સ્નેહનું શાશ્વત સ્વર્ગીય સંગીત રેલું છું,
એમાં મારા મનને, અંતરને, અણુઅણુને રેલું છું,
એની એમને માહિતી નથી.

તંબુરા પર ગીતો ગવાઈ રહ્યાં છે ત્યારે
એમના આમંત્રણને પાછું ઠેલીને પણ
તારી આગળ મારું સર્વકાંઈ મેલું છું.

***

### ૩૦. તું અને હું

તારા વિના જીવનની મહત્તા
ના હોત કૈંયે, રચનાય એની
અશક્ય સાચે સઘળીય હોત આ,
ના ચેતના વીર્ય પ્રસન્નતાના

ઊડી રહ્યા હોત અમીફુવારા
અંગાંગમાંથી મુજ રક્તબિંદુ ને
પ્રશ્વાસ કે શ્વાસથકી; ન હોત તું
તો વિશ્વમાં ના પ્રકટ્યો જ હોત હું.

એ સર્વ સાચું, પણ જો ન મારું
અસ્તિત્વ આ હોત ધરાતલે કદી
તો મૂલ્ય તારું પણ હોત કેટલું
તારીય હોત જ શી મહત્તા?



ઉસ્તાદથી સાર્થ થતી સિતાર તો
ઉસ્તાદ યે ધન્ય બને સિતારથી.

***

### ૩૧. બે ભક્તો

કુતૂહલપ્રેરિત બે ભક્તો
સંતપુરૂષના દર્શને જતા'તા.
એમને એક મુસાફરે જણાવ્યું,
જેના દર્શને જઈ રહ્યા છો તે સંત તો
એના પૂર્વ-જીવનમાં ચોર હતો.
૦૦૦
ચોર ?
એકે અજાયબીથી પૂછ્યું.
હા. ચોર. મોટામાં મોટો નામાંકિત ચોર.
તો તો એના દર્શનથી શું વળે ?
એને સંત કહી શકાય જ નહિ.
હું તો ના જ કહું.
અને એ પાછો વળ્યો.
૦૦૦
બીજાએ જણાવ્યું : ચોર ?
પૂર્વજીવનમાં ચોર ?
અને છતાં પણ ઉત્તર જીવનમાં આટલો મહાન ધર્માત્મા ?
એનો સંસર્ગ સાચેસાચ સુખદ બનશે, પ્રેરક ઠરશે,
પથપ્રદર્શક નીવડશે.
એ અદમ્ય ઉત્સાહપૂર્વક આશા સહિત આગળ વધ્યો.



***

**૩૨. ચમક**

ચંદ્રમાનાં ઢળી વ્યોમથકી કિરણ
રજતરંગી રસાત્મક અર્ણવ ઉપર
રાસ રમતાં :
કિન્તુ કો કવિએ કહ્યું
કે પ્રસારી કોટિ કર આલિંગતો
ચંદ્ર અર્ણવનાં તરંગોને ચપળ
એહના અનુરાગના આસ્વાદની
તરંગો સંતૃપ્તિની ધારી દમક
કરે ગાઢ કૃતજ્ઞતા પ્રેમે પ્રકટ.

***

### ૩૩. ના માગું

ના શૈલ સમ થવા માગું.

વિવિધ વૃત્તિના વાય વાયરા
તર્ક-વિતર્ક ભલે સળવળતા,
સંવેદનનો સ્વાનુભવ કરી
નિજ સ્વરૂપમાં જાગું.... ના શૈલ સમ

વિરોધ આવે વળી
વિરોધાભાસો અભિનવ ભાસે,
નિંદા-સ્તુતિ જય-પરાજયે
ના અશ્રુ સારવા લાગું.... ના શૈલ સમ

દોષ દઉં ના કોને, મમતા
ભલે મધુર ના ત્યાગું;
જીવનને સોમલ સમ સમજી
સ્વપ્ને પણ ના ભાગું.
કોમળ કુસુમ સમાન બનીને
સુખ અર્પું વણમાગ્યું.... ના શૈલ સમ



***

## ૩૪. પરબ

આપણે આ પરબ પર ભેગાં મળ્યાં.
અનોખા અશ્વત્થની કેવી ઘટા, કેવી છટા,
વિહંગોનાં કૂજનો મધુરાં વળી
વાયુની લહરી લલિત ઝંકૃત કરી
અંગ ને પ્રત્યંગને રમતી અહીં;
નવી મૈત્રીના નવી ભાવોર્મિના
અવનવા અંતરમહીં રાસો રચી
અશ્રુ કો'દિ વહાવ્યાં કો'દિ હસ્યાં

આપણે આ પરબ પર ભેગાં મળ્યાં
તે પછી તો કેટલી લીલા કરી
કાળચક્રે; હવે એ શીતળ નથી
સ્વાદુ ધારા સલિલની લહરી વળી
ઘટા, સૌખ્ય હૃદયતણું, કૂજન કશું,
માત્ર સ્મૃતિના ફલક પર સઘળું વસ્યું.



***

### ૩૫. ત્રિભંગ

કેવા કદંબ દ્રુમની શુચિ શાખ નીચે
ઊભા ત્રિભંગ કરતાં અધરે અડાડી
બંસી સુમિષ્ટ સ્વર સ્નેહ છલ્યા વહાવી-
ને જાદુ પ્રકૃતિતણાં ઉરમાં ભરીને

શ્રી કૃષ્ણચંદ્ર મધુરા યમુનાતટે આ
આનંદઅર્ણવસમાં પરિપૂર્ણતાના
પૂરા પ્રતિક સરખા રસમૂર્તિ જેવા
સૌંદર્યની સુખસજેલ પ્રતિચ્છબીશા.

એવી જ જીવનતણી રસમિષ્ટ બંસી
ધારી નિરંતર રહું સ્વરને વહાવી
આ જીવને, પણ બનું નવ સક્ત ક્યાંયે;
એકાદ હો ચરણ આ પૃથિવીપરે છો



હો અન્ય કિન્તુ મધુમંગલ ઊર્ધ્વલોકે
તો વ્યગ્રતા નવ કશી નવ ભીતિ ચિંતા.

***

### ૩૬. કવિતા

ક્રમવિકાસ થયો મુજ જીવને:
પ્રણયના મધુ ઘંટ બજી રહ્યા
સતત નીરવ અંતરમંદિરે
સુભગ શાંત નિશીથસમે અહીં
શુચિ નિનાદ થયો રસકાવ્યનો.

પ્રથમ મેં જ કરી કવિતા પછી
કવન શ્રેષ્ઠ મહાકવિએ કર્યું
પ્રથમ અંતર મેં ઉર એહણે
પુનિત ને પ્રણયાર્દ્ર મને ધર્યું;

સ્વર અમે રસમગ્ન રહ્યાં વણી,
હું જ ગયો અધુના કવિતા બની.



***

## ૩૭. તુષાર બિંદુ

કમળના કમનીય દલ પર પડેલા
તુષાર બિંદુને નિહાળીને
કવિએ કહેવા માંડ્યું,
ચંચળ તુષારબિંદુ,
જરી જેટલા જીવનમાં શો આનંદ આવે છે ?
વ્યોમના પેલા સુદૂરવર્તી તારકની પેઠે
અમૃતમય બનીને આનંદ કર.
તારી દ્રષ્ટિ તથા રસવૃત્તિ
ખૂબ જ સીમિત કે સંકીર્ણ લાગે છે.

તુષારબિંદુ બોલી ઊઠ્યું,
કલ્પનાના રસમય રંગોમાં રમમાણ કવિ !
મારી વાસ્તવિકતાનો વિચાર તો કરી જો.
પૃથ્વી મને પુષ્કળ પ્રિય છે.
એ મારી માતા છે.
મારું જીવન મેં એને સમર્પિત કર્યું છે.
એની સાથે એકરૂપ થવામાં મારો આનંદ છે.
જીવન સ્વલ્પ તો પણ સારસભર છે.
ક્ષણવારમાં પણ સાધનાનું સાફલ્ય સાધીને
સૃષ્ટિમાં સમાઈ જઈશ એનો મને સંતોષ છે.

***

## ૩૮. પીડાભાર

સરોવરના પંકે સમીપવર્તી પંકને કહ્યું,
આ તે કાંઈ જીવન છે ?
આપણને કાંઈ જીવનનો ઉમંગ છે ?
સરિતા ને સમુદ્રની રેતી તો બડભાગી કહેવાય.
ત્યાં તો મન થાય તે જાય,
બધાં જ મળે, રમે અને આનંદ કરે.
સરિતા ને સમુદ્રની રેતી પર રમનારાં
પ્રેમીજનોની વાત તો ઠીક
બાળકો પણ પડી જવાની બીકે
આપણી પાસે નથી આવતાં.

સમીપસ્થ પંકે કહ્યું,
તારી વાત સાચી છે.
આપણી ત્રુટિઓ અનેક છે
અને આપણા અસંતોષનોય અંત નથી
કિન્તુ આપણું સર્વશ્રેષ્ઠ સૌભાગ્ય એ છે
કે આપણા અંદર
કમનીયતા તથા સરસતાની સૃષ્ટિ જેવું
કમળ ઊગે છે ને ખીલે છે.
એ એક જ અસાધારણ સૌભાગ્યને સારુ
સંસારના સમસ્ત અસંતોષ, દુઃખ
ને પરિતાપને સહવા પડતા હોય
તો સસ્મિત સહવા જોઈએ.
પંકનો પીડાભાર સહેજ હળવો થયો.



***

### ૩૯. સાધના

દેખી છે ના રસછલકતી દ્રષ્ટિને ત્યાં સુધી આ
યોગીન્દ્રો છો હૃદયકમળે ધારણા ધ્યાન ધારે,
પીધી છે ના પ્રણયરસની સ્વાદુ ધારા કટાક્ષે
છોને મીંચે નયન કુહરે ત્યાં લગી ને તપસ્વી.

છોને વાસે ગિરિકુહરમાં મંત્ર ને તંત્રવાદી
ભાગે છોને જનજગતથી દુર એકાંતવાસી
પ્રાણાયામી, પુનિત ગણતાં આત્મને આત્મજ્ઞાની
છોને બેસે સરિતતટની શાંતિદાતા કુટિરે.

મારી તો છે અભિનવ દશા; બ્રહ્મજ્ઞાની છતાંયે
ઘેલા જેવો વિચરું પગલી પૂજતાં એ પ્રિયાની,
ચાંપી દીધું હૃદય હૃદયે તો ભ્રમે શેં ભમાયે?
માણી એની મધુરસસુધા સોમલે શેં રમાયે?

એના દૈવી અમૃત સરખા સ્નેહના સાગરે છે
મારી સર્વે સુભગ સરિતા સાધનાની સમાઈ,
કોઈયે ના ત્રિભુવનમહીં શેષ એના વિના તો
સ્વપ્ને યે શી અવર કરવી સિદ્ધિ કેરી કમાઈ ?

***

## ૪૦. જોગન

જોગન તેં તો બનાવી ઓ જોગી મારા,
જોગન તેં તો બનાવી.

આપ્યો છે ભેખ તેને ફરું છું ધરીને અંગે
અત્તરને પ્રેમના લગાવી. ... ઓ જોગી મારા૦

આવું તો કોઈવારે થયું નહોતું વ્હાલા,
તારી પાસે જ હૈયું હારી. ... ઓ જોગી મારા૦

જ્યાં જોઉં ત્યાં જોગી, રહ્યો તું જ લાગે,
મોહિની આ તેં શી લગાડી ? ... ઓ જોગી મારા૦

અંગે અંગે આ તારા ભણકારા વાગે,
આવી શું ભભૂતિ લગાવી ? ... ઓ જોગી મારા૦


વનવનમાં વિહરું તુજને આંસુડાં ચઢાવી
અહાલેક ઊંડી જગાવી. ... ઓ જોગી મારા૦

અંતર છે તુજને આપ્યું, ચરણોમાં સઘળું સ્થાપ્યું,
મેં તો પ્રાણાધાર માની. ... ઓ જોગી મારા૦

અનુરાગી અંગનો ને આતમનો રાજવી છે
દેજે દેવી હો તે બનાવી. ... ઓ જોગી મારા૦

***

### ૪૧. એક દ્રષ્ટિપાત

એક દ્રષ્ટિપાત, કેવળ એક દ્રષ્ટિપાત ?
હા. તમારો મધુરમંગલ અમૃતઅદકો
ભાવનાની દિવ્ય ભરતી-સહજ-સરખો
પ્રેમપરિપ્લાવિત પુનિત શો પ્રાણ પડઘો
ચહું દ્રષ્ટિપાત કેવળ એક દ્રષ્ટિપાત.
તમે ના માહાત્મ્ય જાણો કદાચિત એનું
મને તો પ્રતિપળ અને પ્રતિસ્થળ રહેતું યાદ,
પૂર્ણતાને પામશે પામ્યે પૂજા ને પાઠ
સર્વ મારા, જિંદગીમાં શાંતિસુખ સંપૂર્ણતા
સ્વપ્નું થશે સાક્ષાત !
ooo

એક દ્રષ્ટિપાત કેવળ એક દ્રષ્ટિપાત ?
વિચારો એવું નહીં; એમાં વસે સઘળું
વિશ્વનું ચૈતન્ય બળ જીવન અમીરસનું
મૂળ ઉદ્ભવસ્થાન શ્રીસૌંદર્યનું સલુણું
ઊર્મિકાવ્ય પ્રતીચિનો વૈભવ વસે શાશ્વત,
એક તમને ભલે દીસે કિન્તુ મારે મન
સર્વ કાંઈ એ અને એમાં સમાય વિરાટ,
સજાવીને સ્વર્ગને વસાવી વૈકુંઠને,
એ ધન્ય કરશે જાત.
ooo
એક દ્રષ્ટિપાત કેવળ એક દ્રષ્ટિપાત ?
એક શાંત જ કે પછી પરિપૂર્ણ પ્રેમ પ્રપાત
કિન્તુ તે તો તમારો; ઝંકૃત કરી દેશે
પ્રાણને અંગાંગમાં અનુરાગની ઊઠી
વીચિમાળા એ થકી રે'શે મહામૂલી;
એહની આગળ સકળ સામ્રાજ્ય તુચ્છ હશે,
સિદ્ધિઓ અણિમાદિ એથી વરસતાં વરશે,
લહાવો જીવ્યાતણો મળશે મહોત્સવનો

અનેરો આહ્લાદ ધરશે અંતરાત્મ વળી
એક દ્રષ્ટિપાત યુગયુગતણા પ્યાસી
પ્રાણને મળશે પરબ, સંગમ થશે ન્યારો
તીર્થ ત્યાં સંતૃપ્તિનું સાર્થક્યનું, ને રાત
ઘોર વીતી તિમિર જીતી જગવશે કૈવલ્યપ્રદ સુપ્રભાત
ooo
એક દ્રષ્ટિપાત ?
શેષ શું હજુયે રહ્યું સમજાવવું તમને,
કે પછી કવિતા કરું એવું ચહેલ તમે ?
એક શાશ્વત યુગયુગોની સાર્થ કરતો વાત
તમારો ઝંખી રહ્યો છું એક દ્રષ્ટિપાત.

***

## ૪૨. શોધ

એમણે અમારા શુભાગમનના સમાચાર સાંભળીને
સાનંદ સ્વાગત કરતાં કહ્યું :
અનંતકાળનું આ ઉલ્લાસમય ઉદ્યાન
એમાં ફાલેલાં ફોરમવંતા ફૂલ ને ફળ,
ઈન્દ્રચાપની ચિત્તાકર્ષક કમનીય કળાનું
વિસ્મરણ કરાવતા વિવિધરંગી ફુવારા,
વિભિન્ન વિહંગોની વિસંવાદી લાગતી
છતાં પણ સુસંવાદી સરસ સુરાવલિ,
સ્વાદુ સૌગંધ્યસમન્વિત લલિત લહરી,
પુણ્યસલિલા સરિતા અને એનો પ્રશાંત પુલકિત તટપ્રદેશ;
એમનો આસ્વાદ લો અને આનંદો.
વરસોથી અમે અહીં વિચરીને વિહરીએ છીએ.

સાથીદારો એ સાંભળીને ઉદ્યાનમાં
ઉલ્લાસપૂર્વક વિચરવા માંડ્યા,
કિન્તુ મેં તો પૂછ્યું,
ક્યાં છે આ અદ્‌ભુત ઉલ્લાસમય ઉદ્યાનનો અધીશ્વર ?
મારે તો એને અવલોકવો છે.

એ બધા એકમેકની પ્રત્યે પેખવા લાગ્યા.
એમને મારા ઉદ્‌ગાર રહસ્યમય લાગ્યા,
મેં મારી શોધ ચાલુ રાખી.

***

### ૪૩. સોમનાથને

સોમનાથ ! ભગવાન સોમનાથ !
પ્રતિકૂળતાની કેટકેટલી પરંપરામાંથી પસાર થઈને
વિઘ્નોનાં વાદળને વિખેરીને
તમે સ્વસ્થતાપૂર્વક ઊભા રહ્યા છો !
માનવે તમને નષ્ટપ્રાય કરવાની કોશિષો કરી
કિન્તુ એ જ નષ્ટપ્રાય બની ગયો,
તમે તો અમૃતમય જ રહ્યા.
એના પર આપત્તિઓ આવી પડી,
તમે તો આનંદના અર્ણવ જ રહ્યા.
મારવાના મનોરથવાળા મરી ગયા,
તમે મૃત્યુંજય થયા, સંજીવનપ્રદ બન્યા.
તમારા પર સોમલ છાંટનારા સ્વયં જલી ગયા,
તમે શાશ્વત સુભગ સ્મિત રેલતા રહ્યા.
*
સોમનાથ ! ભગવાન સોમનાથ !
પ્રકૃતિનાં કેટકેટલા પરિવર્તનોમાંથી પસાર થઈને પણ
તમે અનોખા, અવિનાશી, અલિપ્ત રહ્યા !
આજની ઘડીને ધન્ય માનું છું
કે આજે તમારું દૈવી દર્શન મળ્યું,
હૃદયમાં, રોમરોમમાં
તમારા સન્માનનું સુધામય સ્વર્ગીય સંગીત ભળ્યું.
આપણું અનુરાગમય મિલન, મંગલ મહામિલન થયું.
*
પાસે જ પ્રભાસની યાદવાસ્થળી થઈ
અને યોગયોગેશ્વર ભગવાન કૃષ્ણે કર્યું
ઉત્ક્રાંતિ દ્વારા લોલવિલોલ લીલા સંવરણ,
એ દેવદુર્લભ દ્રશ્યોને દેખતા તમે ઊભા છો.
નૃત્યાંગનાશી લલિત લહરીઓ
તમારી આગળ ટોળે વળે છે, તમને આરાધે છે

અને રાતે તારા-ચંદ્રનો અનંત વૈભવ ખુલ્લો મૂકીને
આસમાન અનંત આંખે અવલોકે છે.
જે જુએ છે તે પરિતૃપ્તિ નથી પામતા
એવો અનેરો છે તમારો આહ્‌લાદ,
તમારો અક્ષય અમૃતરસ.
લેશ પણ ચાખે ને માણે છે એ જ એને સમજી શકે છે.

*

સોમનાથ ! ભગવાન સોમનાથ !
તમે પ્રતિક છો,
પદાર્થપાઠ પૂરો પાડો છો.
વિધાયક અને વિધ્વંસક
મંડનાત્મક અને ભંજનાત્મક
ઉભયવિધ પ્રવાહો વિશ્વમાં વહ્યા કરે છે,
ભગવાન મહાકાળનું, કાળના સ્વામી શંકરનું તાંડવનૃત્ય ચાલે છે !
સ્વલ્પ સમય સારું વિધ્વંસક વિપરીત બળોનો વિજય દેખાય
શિવનો, સત્યનો સર્વનાશ થાય
તો પણ એ સર્વનાશ નથી હોતો
અંતિમ વિજય નથી. હોતો;
છેવટે તો કાળનો નહિ, કાળના સ્વામીનો
અશિવનો નહિ, શિવનો જ વિજય થાય છે.
તમારા શંખનાદ, ઘંટ, ગગનચુંબી ગુંબજ,
અને એના પરના પવિત્રતમ પતાકા, સુંદર સ્વર્ણકળશ
એની સાક્ષી પૂરે છે.

*

સોમનાથ ! ભગવાન સોમનાથ !
સિંધુ પોતાની તરલ તરંગમાળાથી
તમારી અહર્નિશ અખંડ આરતી ઉતારે છે,
આરાધના કરે છે,
તમારું અવિરામ ગૌરવગાન ગાય છે.
એના ઉમળકાનો અંત નથી.
એને અવલોકીને કહેવાનું મન થઈ આવે છે.

પૃથ્વીની પ્રજાઓના પ્રાણમાં
પ્રેમના એવાં જ પ્રબળતમ પરમાણુઓને પ્રકટાવો
જેથી સર્વત્ર શિવતત્વનો વિજય થાય;
દ્વેષનો નહિ પરંતુ પ્રેમની,
દાનવતાની નહિ પરંતુ માનવતાની,
અસુરની નહિ કિન્તુ સુરની
સમુચિત સંપ્રતિષ્ઠા થાય,
જગત જ્યોતિર્મય બની જાય.
સોમનાથ ! ભગવાન સોમનાથ !
તમને પ્રણામ !
પાર વિનાના પ્રણામ !
પ્રેમપરિપ્લાવિત પ્રાણે, પરમ પૂજ્યભાવે,
પ્રશસ્તિપૂર્વક પ્રણામ !

***

## ૪૪. શંકરને

સૃષ્ટિનાં સોમલને શમાવો, શંકર !
સૃષ્ટિનાં સોમલને શમાવો.
અલ્પ અનુકંપા કરીને અમૃતને વરસાવો,
સૃષ્ટિનાં સોમલને શમાવો.

અંધકારના ઓળા આજુબાજુ ઉમટી પડ્યા છે
એમાં પથ નથી પેખાતો.
પ્રમત્ત પવનોનાં તાંડવો પ્રારંભાયાં છે
એમાં સ્થૈર્યની હચમચી છે હવાઓ,
અર્ણવ અશાંત બન્યા છે
ત્યારે પ્રકાશ પ્રકટાવો, સ્થૈર્ય જગાવો, શંકર !
અશાંતિને અંતરમાં શમાવો !

મૃત્યુને સંજીવન ના આપી શકતા હો તો
મૃત્યુમાં જીવનની મહેફિલ માણવાનું,
અંધકારનો અંત આણી ના શકતા હો તો
અંધકારમાં પ્રકાશ પેખવાનું
વિપદાને વેઠવાનું
સોમલને સુધા સમજવાનું સૌભાગ્ય દો, શંકર !
એવું અખંડ બળ દો.

***

## ૪૫. ગુડી પડવો

વર્ષ નૂતનનો થયો આરંભ આ
માહિતી તમને નથી એની મળી ?
એટલે જ અમે પથારી છોડતાં
રોજ કરતાં ઉષઃકાળે આજ તો
વહેલા ઊઠી ગયા નિવૃત્ત ને
બની સત્વર નીમરસ પીધો જરી
વ્યાધિ કે ના સતાવે, નવચેતના
જિંદગી નૂતન મળે નવલી પ્રભા;
અનુભવી એકાદ વરસે આ હવા.

ગુડીપડવો, આજ નૂતન વર્ષનો
થયો છે આરંભ અમનેયે મળી
માહિતી એની. ભલે પીધો તમે
નીમરસ, છે કિન્તુ તે
રહ્યો કંઠમહીં ઉદરમાં કે તને;
પ્રસરતાં પ્રાણે અને અંગાંગમાં
ઉષઃકાળે જગાડી જીવન શકે
ધન્ય તો રસપાન એ, નવલું વરસ.
અધિક એનાથકી ના કૈંયે સરસ.



***

## ૪૬. કવિતા

હવે કવિતા એક કરવી.
એક કરવી ?
એક કરવી ને જગતને મિષ્ટ ધરવી.

અક્ષરે અંકિત નહીં, અંતરમહીં
રોમરોમે શાંત વણવી;
જિંદગીમાં ના, અખિલ આ
જિંદગીને કાવ્ય કરવી.

***

## ૪૭. ગોવિંદ ગા

રે મન ગોવિંદ ગા !
તારી રસનાના રંગથી ગોવિંદ ગા,
પૂરા પ્રેમથી ઊમંગથી ગોવિંદ ગા,
રે મન, ગોવિંદ ગા.

મળ્યો માનવ-અવતાર તને મોંઘેરો આ
ગાઈ ગાઈ ગોવિંદ તેને તરતો તું જા,
પ્રેમરંગે રંગાઈ જા.
રે મન, ગોવિંદ ગા.

પડ્યો સોમલસરે ત્યાં અમૃતનો પ્યાલો
પી પીને અન્યને પા;
તજી સુરજ શશાંકને તારાના તેજમાં
કો'દિ અંજાતો ના,
પંથ છોડી અંધારનો પુણ્યથી ભરેલો
પાવન પ્રકાશપંથ પા.
રે મન, ગોવિંદ ગા.



હજુ ચાખ્યો તેં સ્વાદ એનો થોડોયે ના
બની 'પાગલ' નહિ તો જોત જોતામાં હા !
શાને ઢોળે, આયુષ્ય વ્યર્થ કાં ઢોળે !
તારા બોલેબોલે બોલ ગોવિંદ ગા.
રે મન, ગોવિંદ ગા.

***

## ૪૮. રામ કરે તે થાય

રામ કરે તે થાય.
મનનું મનમાં રહી જાય ... રામ કરે તે થાય.

વ્યોમમહીં વાદળ વ્યાપેલાં ગીત અવનવું ગાય,
ચપલા ચમકે વાયુ વાય ને કિરણ બધાંય લપાય.
બિંદુ એક પણ વરસે ના એ ધરે ન શાશ્વત છાંય ... રામ કરે તે થાય.

પુષ્પ ન પ્રગટે ઉપવનમાં ને પ્રકટેલાં કરમાય,
માવજત વિના કોઈનીયે ખીલે જંગલમાંહ્ય;
જળમાં સ્થળ, સ્થળમાં જળ થાયે કર્યા વિના જ ઉપાય. ... રામ કરે તે થાય.

સ્મશાનની ચિતા પર ખોલે લોચન શબ ક્ષણવાર,
મરે ઉઘાડી આંખે માનવ સંશય ના તલભાર.
રણમાં વનસ્થલીનો, વનમાં રણનો થાય ચિતાર. ... રામ કરે તે થાય.

શાને ચિંતા કરે માનવી, રામને જ કર પ્યાર,
શરણ લઈ લે સાચું એનું તો પામે નિસ્તાર.
સર્વ દશામાં સર્વ સ્થળમહીં થાય પીડની પાર. ... રામ કરે તે થાય.

***

### ૪૯. હરિનામ

જપ જપ જપ હરિનામ રે.
કાંઈ ન બેસે દામ રે. ... જપ જપ જપ.

ભ્રાંતિમાંહી શાને ભટકે,
ચંચળતામાં શાને લટકે,
કલેશકાલિમાં કેમ જ ખટકે
મેળવ ઉત્તમ ઠામ રે. ... જપ જપ જપ.

સર્વ કામનાસિદ્ધિસાધન
પતિતપાવન ને મનભાવન
શાંતિદાયક શોકનસાવન
મંગલ પૂરણકામ રે. ... જપ જપ જપ.



તર્કવિતર્ક તજી દે તારા,
બંધ કરી દે વિષાદમાળા,
ઉતાર સર્વ નિરાશાભારા
બંધન તોડ તમામ રે. ... જપ જપ જપ.

ભજ્યા વિના કૈં રહ્યા અભાગી.
જપી બન્યા જન સૌ બડભાગી,
લેહ લગાડી તૃષ્ણા ત્યાગી
બન્યા પૂર્ણ કૃતકામ રે. ... જપ જપ જપ.

***


**૫૦. ઉકળાટ**

અનોખો ઉકળાટ આ, ધરતી ગગન એથી
તપે તેમ જલે નિરંતર અગ્નિજ્વાળ થકી
અનિલ અનલ બની ફરે દાનવ ચતુર્દિશ કો
હોય ફરતો તેમ, ના શાતા જરીય ધરે

છાંય વૃક્ષોની, સતત અકળાય આ સઘળો
ચરાચરનો પ્રાણ, ત્યાં તો ગગન મંડળમાં
અભ્ર આતુર આવતાં ઠંડક વહાવી દે
વૃષ્ટિ કેવી શાંત જગવે નવ્ય જીવનને !

આત્મકેરો અવનવીન અનાદિ આ ઉકળાટ
જલાવે અંગાંગને, પીડિત કરી દે પ્રાણ—
નાં સકળ પરમાણુઓને, જિંદગી આખી
મૃત્યુની આવૃત્તિ સરખી બનાવે નિશદિન,

એ શમે ક્યારે; તમારા દિવ્ય અનુગ્રહની
અલૌકિક વર્ષા વરસી રહે ત્યારે.



***

**૫૧. પુણ્યપ્રવાસ**

જિંદગીનો અવનવીન પુણ્યપ્રવાસ.
એની પગદંડી પરથી પસાર થઈ રહ્યો છું,
જિંદગીનો પ્રેમમય પુણ્યપ્રવાસ.
આજ લગી કેટલી કેડી કપાઈ
અને હજુ કેટલી કાપવી રહી.

આ કેડી પર આકસ્મિક રીતે કેટકેટલી
કલ્યાણકારિણી મૈત્રી થઈ,
કેટકેટલી થયેલી મૈત્રી તૂટી ગઈ,
કેટલી છાયા સાંપડી, કેટલી અગન મળી,
કેટલાં અશ્રુ સાર્યાં, કેટલા ઉલ્લાસ અનુભવ્યા,
કેટલી તૃષા વેઠી, કેટલી તૃપ્તિઓ અનુભવી,
તમે એથી ક્યાં અનભિજ્ઞ છો ?

તમારી શાશ્વત સાક્ષીમાં,
તમારા સૂક્ષ્માતિસૂક્ષ્મ સંસર્ગમાં,
આગળ ને આગળ વધી રહ્યો છું.
જાણું છું, માનું છું, આ છે પુણ્યપ્રવાસ
જિંદગીનો અવનવીન પુણ્યપ્રવાસ.
બીજું ગમે તે થાય
કિન્તુ મારા પ્રવાસ પાછળ કશી કટુતા,
કશો કલેશ, ના રહી જાય;

વર્તમાન પ્રવાસને પૂર્ણ કરીને બીજા
પ્રવાસ માટે પ્રયાણ કરું ત્યારે પણ
મારે માટે એટલું કહેવાય એટલું સંભળાય,
આ મારો પુણ્યપ્રવાસ હતો, પવિત્ર પુણ્યપ્રવાસ.
એમાં મારો સંતોષ હશે. સંપૂર્ણ સંતોષ.

***

## પર. અહીં અને અત્યારે જ

મારી મુક્તિ મરણ પછી નથી મળવાની;
એ તો જીવન દરમિયાન જ,
અહીં અને અત્યારે જ, મળેલી છે.
મળેલી છે એમ કહું એના કરતાં
મારી સાથે છે,
સંગિની કે સહચરી છે,
એવું કહું એ ઉચિત લેખાશે.
હું મુક્ત જ છું.
મુક્ત હતો ને મુક્ત છું.
*
મરણાન્તરે તમને મેળવવાનો મનોરથ
મેં કદાપિ નથી સેવ્યો.

તમને જીવન દરમિયાન
અહીં અને અત્યારે જ મેળવવાનો
મારો સંકલ્પ હતો.
તમારા અલૌકિક અનુગ્રહથી એની પૂર્તિ
અથવા સિદ્ધિ થઈ છે.
તમે મને મળ્યા એવું કહું એના કરતાં
આપણે મળેલા જ હતા, સદાના સાથી હતા એવું કહું
એ અધિક ઉચિત લેખાશે.
આપણે એક જ હતા,
સ્વેચ્છાથી બે બનેલા તો પણ
અંદરખાને એક જ હતા.

***

## ૫૩. રક્ષાબંધન

વહેલા ઊઠીને શુભ દિન ગણી સ્નાન કરતાં
લઈ પુષ્પો કેરી મનહર અમે માળ હરિના
પહોંચી ભાવોથી સભર હૃદયે મંદિરમહીં
ક્ષમા યાચી પ્રાર્થી સુમધુર સ્વરે સંસ્તુતિ કરી

અનોખા આહ્લાદે અણુઅણુ ભરી ઝંકૃતિ થકી,
કરે બાંધી રક્ષા પ્રતિવરસની જેમ ગ્રહતાં
શુભાશીર્વાદોને પુલકિત મને તેમ ધરતાં
અમે કેવો મીઠો અભિનવ અહા ઉત્સવ કર્યો !

અમે બાંધી રક્ષા નવ હૃદયમાં કિન્તુ કરમાં,
ગઈ તૂટી અંતે અમૃતમય આત્મે નવ બની
શકી, એથી એને પ્રતિદિન રહી યાદ કરવી;
કદી બંધાઈ જો અણુઅણુમહીં હોત ખલુ એ.

બધાંયે તો દોષો છળ મનતણાં ભેદભય ને
ટકી ક્યાંથી પ્રાણે શકત મમતા મોહ પડળો ?

***

## ૫૪. કવિતા જ કવિતા

ચાલો હુંય કવિતા કરૂં, એક કવિતા કરૂં,
મને વિચાર આવ્યો, કવિતા કરૂં.

કલમને કરાંગુલિમાં લીધી,
ત્યાં તો દ્રષ્ટિ વિશાળ વ્યોમ પર પડી.

તારામંડળે કહેવા માંડ્યું, અમે શું કવિતા નથી ?
સારાય સર્જનની અમે જ શું કવિતા નથી?

ચારુતાને ચોપાસ પાથરતા ચંદ્રે જણાવ્યું,
હું પણ શું કવિતા નથી ?
કાળના કળાત્મક કવિવરની કવિતા નથી ?

રાતરાણીએ રસાળ સુગંધ રેલતાં કહ્યું,
મારા છંદનું, મારા સંગીતનું શ્રવણ કર્યું ?
હું પણ કવિતા જ છું.

લલિત લહરીએ જણાવ્યું,
મને તો ઓળખો. મારા કાળજામાં,
મારી કમનીય કાયામાંય, કવિતા છે !

ત્યાં તો વાદળી વચ્ચે પડી.
કલમને મેં બાજુ પર મૂકી

પ્રાણમાં પ્રશ્નોની પરંપરા ઊઠી,
શાની કવિતા, કોની કવિતા ?
આજુબાજુ સર્વત્ર કવિતા છે, સઘળું કવિતામય છે,
હુંય શું કવિતા નથી ?
હું જ  કવિતા નથી ?

***

**૫૫. જગત**

સુંદર સુવાસિત શ્વેત વસ્ત્રધારી એક સજ્જને
મારી તસવીર લીધી,
આરતી ઉતારી,
પ્રેમપૂર્વક પ્રશસ્તિ કરતાં મારા પર પુષ્પો નાંખ્યા,
પછી પવનની પીઠ પર બેઠેલા અશ્વે
મને લઈને દોડવા માંડ્યું.

આંખ એકાએક ઊઘડી અને -
એ દ્રશ્ય જગત પુરું થયું.
મને થયું
એના કરતાં આ જગત શ્રેષ્ઠ છે,
અધિક આનંદમય વાસ્તવિક છે,
આ જાગ્રત જગત.



ત્યાં તો કોઈ અંદરખાનેથી બોલ્યું,
આ પણ ક્યાં સુધી ટકશે,
આ પણ ક્યાં નિત્ય છે ?
નિત્ય તો.......

***

### ૫૬. શું સમજવું

સુવર્ણના અલંકારોને ઓળખું છું, અવલોકું છું,
સુવર્ણને નથી ઓળખતો, નથી અવલોકતો.

સૂર્યનાં કોટિકોટિ કિરણોને જાણું છું,
સૂર્યને નથી સમજતો, નથી જાણતો.

વિશાળ વારિધિની વીચિમાળાને વિલોકું છું,
વારિધિને નથી વિલોકતો.

તું પણ એવી રીતે કહેતો હોય
કે જગતને જોંઉ છું, જગતપતિને નથી જોતો,
તો તારે માટે શું સમજવું ?

***

### ૫૭. સરિતાનું અટ્ટહાસ્ય

અમે ધારીએ તો આસમાનને અડી શકીએ,
ધરતીને ધ્રૂજાવી શકીયે;
પર્વતોને પાર કરીયે,
નદીઓને નાથી લઈએ,
ગ્રહ્નક્ષત્રોમાં ઘૂમી વળીએ;
રણમાં રાજપ્રાસાદ રચીયે
અને રાજપ્રાસાદમાં રણ ભરીયે.
ભરદરિયે ડોલન કરીએ.
ધારીએ તો અમે શું ના કરીયે ?

ત્યાં તો પળવારમાં પૂર આવ્યું,
સરિતા મદોન્મત્ત બની, હિલોળે ચઢી,
આજુબાજુ બધે જ ફરી વળી.
વાતે વળગેલા દોસ્તોએ દોટ મૂકી
કિન્તુ મારગ ના મળ્યો;
સરિતા એમને આરોગીને અટ્ટહાસ્ય કરવા લાગી.



***

## ૫૮. યક્ષ

હિમાચ્છાદિત રસેભીની સુખની પ્રતિમાસમી
ઐશ્વર્ય જનની જેવી અમૃતા અલકાપુરી
થકી પ્રિયતમા કેરા શાંતિદાયક સંગથી
બની વંચિત પૃથ્વીમાં આર્ત અંતરની લઈ
પ્રદીપિકા હતો પેલો વિરહી યક્ષ વાસતો;
માણ્યો આસ્વાદ આત્માએ એવા કારુણ્ય કાવ્યનો.

માનવી મૃત્યુલોકે આ યક્ષશો દીસતો મને
વ્યથાગ્રસ્ત સદા ત્રસ્ત ને અશાંતિથકી ભર્યો
ઊંડી બંધન કે કલેશે પીડાએ પરિતાપથી
ઉદ્વિગ્ન, ઠરવા કેરું ઠામ એને મળ્યું નહીં;
સચ્ચિદાનંદ પોતાના શુદ્ધબુદ્ધ સ્વરૂપથી
ભ્રષ્ટ દૈન્યતણી જાણે જીવતી જ પ્રતિચ્છબી.

અમંગલથકી એના નિત્ય આવૃત અંતરે
મેઘાચ્છન્ન નભે આભા પ્રકટે ઈન્દ્રચાપની
સ્મૃતિ તેવી સદા જાગે પોતાના મૂળ ધામની
બની પ્રેરક આત્માની અક્ષયા અલકાપુરી-
મહીં સ્થિતિ સદા કાજે કૃતકૃત્ય કરાવવા
પ્રશાંતિની પ્રિયા કેરો ને વિશ્લેષ શમાવવા
આશા તો માનવી માટે ત્યાં-લગી મૃત્યુલોકમાં.

***

## ૫૯. પ્રેમમાં નહીં ફસું

છોને વગાડતો વાંસળી
તારા છેક છે સૂકા સૂર રે ... પ્રેમમાં નહીં ફસું.

છો ને નચાવતો નેનને
તારા સર્વે ઈશારા ધૂળ રે. ... પ્રેમમાં નહીં ફસું.

રાધા નથી હું તો રાંકડી
તારા રંગે થઉં ચકચૂર રે. ... પ્રેમમાં નહીં ફસું.

ગોપી થઈ ભલે ઘેલુડી,
તારું એવું નથી કૈં રૂપ રે.... પ્રેમમાં નહીં ફસું.

બ્રહ્માંડને ભલે ભોળવ્યું
બની બેઠો ભારેખમ ભૂપ રે.... પ્રેમમાં નહીં ફસું.

મોહ્યા મુનિઓ છો સંયમી
થશે મનડું ના ભ્રાંતિ ભરપુર રે .... પ્રેમમાં નહીં ફસું.

વદને એવું પણ અંતરે
એક લાગી ગઈ એની ધૂન રે...પ્રેમમાં નહીં ફસું.

***

**૬૦. ભાગ્ય**

તમે મને અંતર આપ્યું,
સંવેદનશીલ, સ્નેહાળ, ઉદાત્ત, ઉદાર અંતર આપ્યું
એને મારું મહાન મંગલ ભાગ્ય ગણું છું.

તમે મને મસ્તક આપ્યું.
સદસદ્વિવેકથી સંપન્ન, સ્વસ્થતાથી સુવાસિત,
સજગ મસ્તક આપ્યું,
એને મારું મહાન મંગલ ભાગ્ય ગણું છું.

તમે માનવતન આપ્યું,
સુંદર, સ્વસ્થ, શક્તિશાળી, સુરદુર્લભ
મંદિર જેવું મંગલ તન આપ્યું,
એને મારું મહાન મંગલ ભાગ્ય ગણું છું.

મને પથ્થર નથી બનાવ્યો. નીરસ નથી કર્યો,
મારી અંદર આત્માનું અલૌકિક અજવાળું ભરીને
એમાં સ્વેચ્છાએ સદન કર્યું છે,
સદન કરવામાં ગૌરવ ગણ્યું છે;
સમસ્ત સર્જનને મારી આગળ ગૌણ કર્યું છે,
મને એનું અગ્રપદ ધર્યું છે,
એને મારું મહાન મંગલ ભાગ્ય ગણું છું.

***

### ૬૧. પુણ્ય

મહીના મહામેળામાં પ્રવેશ ન હોત જો મારો
તમારોયે પ્રવેશ ન હોત ને મંગલ મહા મધુરો
મિલનનો યોગ જાગ્યો હોત જો ના આપણો ન્યારો
અને જાગી ગયો તો પણ પ્રણયનાં બીજ નંખાયાં

હૃદયમાં રોમરોમે હોત ના, અંકુર અને એના
ન આવિર્ભાવ પામ્યા હોત તો તો હોત સારું ના ?
ન અંકુર વૃક્ષમાં પરિણામ પામ્યા હોત બંનેના,
પુનિત પુષ્પો ન પ્રકટ્યાં હોત પ્રાણે પ્રેમભક્તિનાં,

ખરેખર થાત સારું તો, ફળ હવે કિન્તુ છે પ્રકટ્યું
અવનવું, પુણ્ય એને જિંદગીનું અનોખું જાણું.



***

**૬૨. છંદ**

હવે ગમે ના જડ બંધ છંદના
વૈવિધ્યવાળા નિતનવ્ય રૂપથી
આકર્ષતા અદ્ ભુત અંતરાત્મને,
હવે વિશેષે સરિતા પસંદ

કરે નહીં તાપસશા તટદ્વય;
વિહાર વિસ્તીર્ણ વિશિષ્ટ વ્યોમનો
વિહંગ ઝંખે લઘુ સ્વર્ણપીંજર—
તણો પરિત્યાગ કરી હવે ઘડી.

નાવિન્ય તો જીવનનો સદા સખા
ને દેવતાનું વરદાન દૈવી.
ભલે તજો છંદ રચો અછાંદસ
સ્વૈચ્છિક કાવ્યો કવિરાજ, કિન્તુ



સંબંધવિચ્છેદ કરો ન છંદનો
રે'શે નહીં તો નવ અર્થ કાવ્યનો.

***

## ૬૩. સિંધુ તટે

વિશાળ સુવિશાળ સિંધુ ગરજી રહ્યો ઘેનમાં
પ્રમત્ત બનતાં અનંત ભરતાં તરંગો ઉરે
હરી સતત ધૈર્યસ્થૈર્ય ક્ષણવાર નૌકાતણું
કરે પ્રખર અટ્ટહાસ્ય ચિરસખ્યને પામતાં

પ્રમત્તતમ વાયુના પ્રલયકાજ હો તત્પર
બન્યો પરમરૌદ્ર એમ; તટ પાસ ઉત્તુંગ આ
દિવાલ જડમૂળથી હલવવા ઉપાડી જવા
અધીર અતિ દીસતો, પણ દિવાલ આ ના ડગે.

પ્રમત્ત પવનો મહાપ્રલયકાળ કેરા ભલે
મળી સતત સિંધુ સાથ મુજ જીવને સંકટો
તણા હલવવા ચહે ધૃતિ ડગાવવા સ્થૈર્યને
કરી કટુક ઘોર ગર્જન, ડગે બધાં નાવડાં

ડગે તદપિ આત્મ દિવ્ય વ્યવધાનથી એ નહીં,
કરે સતત સાધના નિજ પ્રશાંતિ પૂરી લહીં.

***

## ૬૪. પેઢી

પુરાણી પેઢી કરીને આપણે
ભાગમાં વ્યવસાય આરંભ્યો અહીં,
મેં હતું માન્યું તટસ્થ રહી તમે
અવ્યવસ્થા ચલાવી લેશો નહીં,
તમારો જ વિચાર ના કરશો; છતાં
સુસમૃદ્ધ, રહ્યા તમે સંપૂર્ણતા -
શિખર પર વસતા નચિંત કૃતાત્મન,
કર્યો ને મુજને પ્રવૃત્ત સદા અહીં
વ્યથા ચિંતા દૈન્યની જ્વાળા મહીં.

ઊચિત લાગે એ સમાનપણે કર્યા
આપણા વ્યાપારમાં તમને જરી ?
લાભ મારો તમારો, નુકસાન ને
તમારું જ સદાયને માટે લહી
પ્રેમથી વર્તો વળી નિષ્ઠા થકી,
સફળ તો પેઢી બને સાર્થક ઠરે;
કહેવાનો એટલો અધિકાર ના ?



બનો જાગ્રત વખત જાય બધો વહી;
મોડું કૈં અદ્યાપિ ખૂબ થયું નહીં.

***

**૬૫. મૂળ સ્થાન**

આ મધુર મુખડે મને ચૂમ્યો કદા,
ભાવભીંજાયેલ હૈયે અર્પતાં
સ્થાન પયની ધાર પાઈ કેટલી
વાર; ઉદરે ધારતાં
વેદનાપૂર્વક જતન મહિના સુધી
કર્યું મારું; ને જનમ અંતે ધર્યો.

સકળ આ સંસારની સ્ત્રીઓ મહીં
નિહાળીને મૂળ આશ્રયસ્થાન એ
હૈયું હાલે, વાસના........?

***

**૬૬. ધન્ય**

બેસૂરા સૂરો રહ્યા ચારે તરફ
વહી વાતાવરણમાં તોયે કદી
ના કરી ફરિયાદ કોઈની અને
દોષ કોઈનો જરી જોયા વિના
સુસંવાદી સુરીલા સ્વરની કરી
સદા સૃષ્ટિ, ધન્ય સંગીતજ્ઞ એ !
૦૦૦
કંટકે કંકર તથા પથ્થર થકી
છવાઈ ધરતી વિરાસતમાં મળી,
કૈંક ખાડા ટેકરા એમાં હતા,
તોય હિંમત ધૈર્ય ને ઉત્સાહથી
એહને સુંદર સપાટ કરી અને
નવ્ય ખાતરથી નવીન જલે કરી
સશ્યશ્યામલ; ધન્ય ધન્ય કિસાન એ !
૦૦૦
સાથ છોડી ગયા સાથી તે છતાં
સનાતન સાથી સહિત આગળ વધી
પ્રવાસ કર્યો પૂર્ણ, નિંદક સૌ થયા
પ્રશંસક; અર્પણ પહેલાં માલ્યને
રોજ કરતા કરી આક્ષેપો રહ્યા;
તોય બેપરવા બની ધપતા ગયા
પામતાં મરુભૂમિમધ્ય વનસ્થલી
શાંતિ-સુખ-સાર્થક્ય ને સ્વાતંત્ર્યની
બન્યા વિજયી, પ્રવાસી સૌ ધન્ય એ !
૦૦૦
તરંગો તોતીંગ ઘેરાં ગર્જતાં
મળ્યાં માર્ગે, સમીરો સુસવાટથી
સ્થૈર્યને હણવા સકળ લાગ્યા, વળી
સહપ્રવાસી મહોદધિ મધ્યે મળ્યા,

હલેસાં મારી છતાં નિષ્ઠાબળે
કલૈબ્ય ત્યાગી સફરને સાર્થક કરી
પહોંચ્યા ધ્રુવપદપરે અંતે અચળ
નાવિકો એ ધન્ય બડભાગી સકળ.
૦૦૦
અવનવાં અસ્ત્રો પડ્યાં અંગાંગમાં,
રુધિરની ધારા કરાળ વહી રહી,
શ્વાસ રૂંધાયા, મધુરવી જિંદગી—
ની સમાપ્તિ સમીપમાં આવી ગઈ,
ઝઝૂમ્યા તોયે રણે નવશૌર્યથી
નવાં શસ્ત્રાસ્ત્રે નવલ અંતરથકી
ગૌરવાન્વિત બની, ના રિપુને નમ્યા,
વીર મૃત્યુંજય ખરેખર ધન્ય એ !

***

## ૬૭. નૂતન વર્ષ

વર્ષ નૂતન આજ; બ્રાહ્મમુહૂર્તમાં
તજી શય્યા પ્રથમવાર દિનોમહીં
સ્નાનથી નિવૃત્ત બનતાં મંદિરે
જતા દર્શન કાજ રસ નૂતન લહી.

વર્ષ નૂતન; આ પહેરી વસ્ત્ર ને
ભૂષણો નૂતન પરસ્પર સાલ હો
મુબારક કહેતાં અનેકો અર્પતાં
માનવો અભિનંદનો ઘૂમે બધે.

રોજની જ્વાળા શમાવી અંતરે
જેમતેમ વદન વળી હસતું કરી
પુરાણા ઓળા ઉતારી નવ્યને
ફરે જન કૃત્રિમપણે પાછા ધરી



વર્ષ નૂતન થયું જીવનમાં પ્રકટ
કે પછી આવી ગયું પંચાંગમાં ?

***

## ૬૮. ભગિની

દ્વિતીયાના પર્વે પુનિત યમુનાસ્નાન કરતાં
મનુષ્યો કૈં સ્નેહે મધુર મથુરા કે વ્રજમહીં
જઈને તેડું કે કદિક પણ ના'વે યમતણું
મળ્યાં ત્યારે ભાવે હૃદય ભરતાં ભ્રાત ભગિની.

કરી ભાલે દૈવી તિલક કરમાં પુષ્પ ધરતાં
કહ્યું બેને, જીવો જુગજુગ સુધી બંધુ મુજ આ
અને પામો લક્ષ્મી-સુખ-વિભવ ને કીર્તિ પરમા,
બધી આકાંક્ષાઓ સફળ બનજો સિદ્ધ જગમાં.

ખર્યું અશ્રુ ત્યારે પ્રણયભર ભ્રાતાનયનથી
કહેતાં ભૂલાયે નવ, સુખદ મારે ય ભગિની !



***

**૬૯. હંસ**

માનસરોવર હંસે મેલી માનસરોવર માયા.
મોતીનો ચારો ચરનારે છોડી મોતી છાયા.... માનસરોવર હંસે૦

મમતાનાં આંગણ ઓળંગી
હૃદય અન્યનાં રાગે રંગી
સલામ કરતાં સ્થૂળ ક્ષેત્રને સૂક્ષ્મ સાગરે ન્હાયાં.... માનસરોવર હંસે૦

વિશાળ વ્યોમે વિહરી એકલ
ઠામ મેળવ્યું અવિચલ કેવળ,
કાટ ચઢેલી કીધી સઘળી કંચનવરણી કાયા.
આતમનાં અજવાળે અંતે બન્યાં રંકથી રાયા....માનસરોવર હંસે૦

***

## ૭૦. શું કરીએ

અમે શું કરીએ રે, હવે તો થઈ ગઈ છે પ્રીત.
પ્રકટી પ્રાણે પરમાણુમાં પ્રસરી ગઈ અમીટ,
શમાવવી કે ઘટાડવી ના જાણીયે શી રીત. ....અમે શું૦

પૂર્વજન્મના પરિણામે આ પ્રકટ બન્યું નવનીત,
શાંત સ્વાદુ સંવાદી જાગ્યું સ્નેહતણું સંગીત.
ચરણે ચોંટ્યું કેમ કરીને કહો તોડવું ચિત્ત,
ભલેને થતી શાશ્વત સ્નેહતણી જગમાંહી જીત. ....અમે શું૦

***

**૭૧. દર્શન**

ઉપવનના એકાંત ખૂણામાં
બાંકડા પર બેઠેલા બે પ્રવાસી;
એક નગ્ન કામોત્તેજક તસ્વીરોને નિહાળતો’તો
મશગુલ બનીને;
બીજો વચ્ચેવચ્ચે વખત મળતાં
એ તસ્વીરો તરફ દ્રષ્ટિપાત કરી લેતો
કાંઈક ટાઢક અનુભવતો,
મોં મચકોડતો’તો.

તમે આવી તસ્વીરો જુઓ છો ?
આવી અશ્લીલ ?
આખરે એણે પૂછી નાખ્યું.



પેલા રસિકે ઉત્તર આપ્યો,
હા. જોઉં છું.
તમેય જુઓ છો, હુંય જોઉં છું.
હું રસપૂર્વક એકાગ્રતા સહિત,
તમે તીરછી નજર સાથે અવજ્ઞાપૂર્વક.

***

**૭૨. અબ્ધિ પાસે**

અનંત આ સિંધુ સમીપ ગર્જતો
સુદૂર સર્વત્ર અખંડ વિસ્તર્યો
તરંગના તન્મય તાલ સાથે
સંગીતના સુસ્વર સ્વાદુ છોડતો

આકાર ધારે લવણે કદી કદી
સંસાર ને જીવન જોમ અર્પવા
સંતપ્ત ને સૂર્યથકી બનીને
મેઘે ધરીને નવજન્મ વર્ષતો.

અનંત ચૈતન્યતણો અનેરો
તરંગ હું તો અભિવ્યક્તિ એની
આત્માતણી — એમ જ વિશ્વપ્રાણે
નવો જગાવી રસ જો જરી શકું



ચૈતન્ય કે આંશિક અન્યને ધરું
સાર્થક્ય તો આ અભિવ્યક્તિનું ગણું.

***

### ૭૩. બડભાગ

એટલુંયે બડભાગ અમારું,

ચારેકોર તિમિરદળ છાયું, લેશ નહીં ચમકે અજવાળું;
ચપલાં ચમકે, વાદળ ગરજે, વ્યોમ ગડગડે સારું;
ત્યારે પણ પાવન કરનારું કિરણ અમૂલખ ઢાળ્યું. ... એટલુંયે બડભાગ અમારું.

અગ્નિજ્વાળ ભયંકર જાગે, વ્યથા બધેયે ભાળું;
કંટકના ભારા ખડકાયા,  અંતર આર્ત અકારું.
ત્યારે પણ શાંત કર્યું જીવન, ધન્ય નવ્ય રઢિયાળું. ... એટલુંયે બડભાગ અમારું૦

વિષયોના વનની વચ્ચે પણ અંતર સુષુપ્ત જગાવ્યું,
પ્રેમપિયાલો પીને પ્રેમે, અખંડ અમૃત પાયું.
વિરહ વધારી મંગલ મિલને જગત જગાવ્યું ન્યારું. ... એટલુંયે બડભાગ અમારું૦

***

## ૭૪. હજુ કેમ

હજુ કેમ લીધું નહીં તેં શરણ ?
મહા જેને સેવે સદા માટે મુનિવર
હજુ કેમ સેવ્યાં નહીં એ ચરણ ?
હજુ કેમ લીધું નહીં તેં શરણ ?

રડે પોક મૂકી, અસહ છે અગન,
પડ્યું તારે માથે અચાનક ગગન,
છતાં એના ધ્યાને બન્યો ના મગન,
હજુ કેમ લીધું નહીં તેં શરણ ?

હતાશાભર્યો ભૂલ્યો તારો ધરમ,
સદા માટે માગી રહ્યો છે મરણ;
જરા તો લે જાણી કૃપાનો મરમ.
હજુ કેમ લીધું નહીં તેં શરણ ?



સુહૃદ એ જ શાશ્વત હિતેચ્છુ પરમ
નથી એની પાસે પહોંચ્યે શરમ;
થશે ધન્ય એનું કર્યાથી સ્મરણ.
હજુ કેમ લીધું નહીં તેં શરણ ?

***

## ૭૫. ફૂલ

મંત્રમુગ્ધ કરનારું સુંદર
રોમરોમમાં રસ ભરનારું
એક ફૂલ આ ગુલાબકેરું.

કોમળ કેવું, અદ્‌ભુત અનુપમ,
મૃતને પણ સૌગંધ સમર્પી
નવજીવન ધરનારૂં
એક ફૂલ આ ગુલાબકેરું.

જશે એક દિન તો કરમાઈ
એટલે જ એને અવગણવું ?
ધ્યાન ન એનું અલ્પે ધરવું ?



જશે એક દિવસે કરમાઈ
કિન્તુ આજ આનંદ એહનો
સુગંધનો સૌન્દર્યસ્રોતનો
અનુભવવો આ સ્વાદ, ઘડીનો
ભલે હોય તો પણ; એને તો
આદરથી જ રહ્યું નિહાળવું,
સૂંઘવું છતાં ના ભરમાવું.

વિશ્વ ચેતનાનું પ્રકટેલું
પ્રતીક આ અણમોલ અનેરૂં
સુમન સુકોમળ ગુલાબકેરૂં.

***

**૭૬. પ્રેમાલાપ**

જતી રહું છું, જતી રહું છું
પર્વતનાં ઉત્તુંગ શિખર પર,
સરિતાનાં સ્વર્ગીય સુભગ સ્થળ
વિસ્તરી રહ્યાં ત્યાં, ઉપવનમાં
ઘોર અરણ્યે જ્યાં ન તમે હો,
ચિરપરિચિત કે અલ્પકાળનું
પરિચિત માનવ મળે નહીં કો
ભૂલેચૂકે પણ નિહાળવા
સુદૂર એવા ગિરિગહ્‌વરમાં,
જતી રહું છું જતી રહું છું

વદે ક્યારથી કંપિત સ્વરમાં
ભાદરવોને ભરી નેનમાં
રોષવાદળી સુંદર તનમાં.
પ્રમદા આકુળવ્યાકુળ હૈયે
ઊના લે ઉચ્છ્‌વાસ.



દૂર ભલેને જાય અંગથી, અંતરથી પણ પાસ
સદા રહેશે, મન તો મારી સમીપ કરશે વાસ,
મને પૂર્ણ વિશ્વાસ
કાંત કહે ક્ષણમાં જ.
મનથી જાય તો જાણું,
બાકી તો ગૌરવનું ગાણું.

***

## ૭૭. જીવન અને અધ્યાત્મ

અંગ પરંતુ આત્મા ના હોય,
સરિતા છતાં સલિલ,
ફૂલ છતાં ફોરમ,
મધ છતાં મધુતા,
તપસ્વી છતાં તપ ના હોય :
સિતારી છતાં સ્વરની સૃષ્ટિ,
વરસાદની વાદળી છતાં વૃષ્ટિ,
સ્નેહ છતાં સૃષ્ટિ, પ્રજ્ઞા છતાં પરિતૃપ્તિ ના હોય,
મધુર મનમોહક મુખમંડળમાં આંખ ના હોય,
પંખી છતાં પાંખ ના હોય :
પુરૂષ છતાં પુરૂષાતન, સ્ત્રી છતાં સ્ત્રીત્વજ ના હોય :
બીજ, બળદ, હળ, જમીન, જળ છતાં ખેડૂત ના હોય,
દિલ દેનાર તો પણ લેનાર, લેનાર તો પણ દેનાર ના હોય :
ઘંટારવ, આરતી, નૈવેદ્ય, ઝાંઝ, પખાજ,
સોહામણું સ્વર્ણશિખર, ધ્વજ, પૂજારી, સઘળું હોય
કિન્તુ મંદિરમાં મૂર્તિ જ ના હોય :
એવું જ અર્થહીન અનાથ એકાકી લાગે છે જીવન
જેમાં બીજું બધું જ હોય કિન્તુ અધ્યાત્મ ના હોય.

***

## ૭૮. નૌકા પડી રહી છે

નૌકા નિરર્થક પડી રહી છે, એનો ઉપયોગ કરો,
એનાથી આ સરિતાનું હૈયું ભરો,
એને ચેતન ધરો, એનું સાર્થક્ય કરો,
નૌકા નિરર્થક પડી રહી છે, એનો ઉપયોગ કરો,

તટ પર તિતીર્ષુ ટોળે વળ્યા છે એમને આધાર ધરો,
પ્રવાસીના પ્રવાસને સફળ કરો,
નૌકા નિરર્થક પડી રહી છે, એનો ઉપયોગ કરો,

એ દીસે છે અત્યંત આકર્ષક કિન્તુ એકલી શું કરશે ?
સરિતા પણ છે સુંદર, અતિશય સુંદર,
પરંતુ એથી શો હેતુ સરશે ?
એમના અંતરનું એકીકરણ કરો.
નૌકા નિરર્થક પડી રહી છે, એનો ઉપયોગ કરો.

***

### ૭૯. પતંગ

પતંગ આકાશમહીં અનેક
ઊડી રહ્યા આજ પ્રભાત કાળથી;
કોઈ કપાતા-પડતા, ભરાતા
કોઈક કાપે પળમાં જ પાડે

કે અન્યને, સ્વૈરવિહાર આદરી
વ્યૂહો રચી લક્ષ રહ્યા દિગંતે,
કોઈકના પ્રાણ બની ઉમંગ
આશા વળી ઉત્સવ શા રહ્યા કરી !

પતંગ આ અદ્‌ભુત આપણોયે
ઊડી રહ્યો વિશ્વમહીં અનાદિથી
આશાબળે; ક્યાંક કપાય કે કદી
ભરાય, છો થાય કદીક ખંડિત,



કોઈકને દે રસ-શાંતિ ધન્ય તો
ક્યાંયે કરે જો ક્ષણવાર ઉત્સવ.

***

### ૮૦. ધન્ય દિન

ધન્ય એ દિન આંખડી જ્યારે ઉઘાડીને
ગોદમાં તારી મધુર મેં જિંદગી માણી
પ્રથમવાર કર્યું તહારૂં દિવ્ય મેં દર્શન
ધન્ય એ પળ, સાંપડ્યું જ્યારે સુખદ સ્પર્શન;

કર્યું નર્તન દેવદુર્લભ અમીમય અંકે
પ્રાણ પ્રકટ્યો પદ્મ  જેવો પરમ કો પંકે.
ધન્ય અતિ ને ધન્ય દિન એ કરેલો પ્યારે
માત ! તારી શાનનો સંકલ્પ મેં જ્યારે.

ધન્ય દિન આ જિંદગીના સર્વથી સુખમય
સમર્પિત તુજને થયા જે મળ્યા જાણે વર.



***

## ૮૧. એવી જ રીતે

સરિતાએ કોઈને સમીપ આવવા નથી કહ્યું
સમીપે ના આવવા પણ નથી કહ્યું;
સમીપે પહોંચે છે તે સલિલનો સ્વાદ લે છે,
સમીપે ના પહોંચનાર એનાં આસ્વાદથી વંચિત રહે છે.

પુષ્પે કોઈને પાસે પહોંચવા નથી જણાવ્યું,
પાસે ના પહોંચવા પણ નથી જણાવ્યું,
પાસે પહોંચે છે તે પરિમલને માણે છે,
પાસે નથી પહોંચતા તે એને મિથ્યા જાણે છે.

સૂર્યે કોઈને સંનિકટ આવવા નથી આમંત્ર્યું,
કોઈને સંનિકટ ના આવવા પણ નથી ઝંખ્યું;
સંનિકટ પહોંચે છે એ એની ઉષ્માને અનુભવે છે,
નથી પહોંચતા એ એની હૂંફથી વંચિત રહે છે.

એવી જ રીતે ....

***

## ૮૨. બુધ્ધિના બોલ

સંધ્યાકાળે સમદરતટે અપ્સરાથી અનોખી
દીસે છે આ પ્રથમ નજરે શ્વેતવસ્ત્રા મનોજ્ઞા
શ્રી સૃષ્ટિની સકળ ભરતાં અંગપ્રત્યંગમાંહી
ઊભી દીસે - નયન ન તજે એહને દેખવાનું,

ના ઈચ્છે કૈં અવર અધુના દેખવા, રોમરોમે
જાગી ઊઠી અગણિત અહા રાગકેરી સિતારી,
સંન્યાસીની વિચલિત બની વાસના-વૃતિ-વાણી.
બોલી બુદ્ધિ : ચપલ મનની વૃતિ વિદ્રોહ પામી

સંન્યાસીના નયનપટપે કાલિમા આમ જામી
દેખીને આ મધુર વદના શ્રેષ્ઠ સૌંદર્યરાજ્ઞી—
ની કાયાને મથન ઊરમાં તેમ અંગાંગ જાગ્યું
ચારે દિશે પ્રલય કરતું આકરું વાદ્ય વાગ્યું

તો સંસારી વિષયરત જે માનવી મોહ પામે
તેમાં કાંઈ અચરજ નહીં, એહનું કહેવું શું ?

***

## ૮૩. મુંબાઈ બંધ

બંધ મુંબાઈનગર સર્વત્ર આ.
દુકાનો, સ્કૂલો, કચેરી, ઓફીસો
બસો, ટેક્ષી, મીલ તેમજ ફેકટરી
બંધ સઘળું આજ, કોલાહલભર્યા
માર્ગ સૂના છેક પશ્ચિમપૂર્વમાં
વળી ઉત્તર તેમ દક્ષિણ દીસતા.
બંધ મુંબાઈનગર સર્વત્ર આ.

દેવમંદિર નથી બંધ અને નથી
બંધ મહેફિલ ગારુકેરી ફક્ત આ.
બંધ શ્વાસોશ્વાસ-શોક-અશાંતિ ના.

***

## ૮૪. કાયાપલટ

ગામમાં વરસો પછી પાછો ફર્યો છું.
દુનિયામાં કહે છે કે ક્રાંતિ થઈ છે
પરંતુ અહીં તો એના એ ઉકરડા,
એની એ થોર, કાંકરાપથરા, એની મૃત્તિકા,
પુરાણાં તોતીંગ મકાનો તૂટી પડ્યાં છે,
ખંડેર વધ્યાં છે.

શ્વાન નિષ્ક્રિય બનીને આમતેમ ફર્યા કરે છે,
ગદર્ભ ટોળે વળે છે.
પુરાણા પરિચિત કેટલાય વિદાય થયા છે,
નવાએ અભિનય આદર્યા છે.
એ જ રસ્તા, એમની ઉપર એવાં જ ચીંથરાં,
એ જ છાપરૂં, વૈશાખનું એ જ તાપણું;
જન્મભૂમિમાં વરસો પછી પાછો ફર્યો છું.

ગામ એનું એ રહ્યું, હું કેટલો બદલાઈ ગયો ?
દુર્વિચાર, દુર્વિકાર, દુષ્કર્મ, દુઃખ, દૌર્મનસ્ય..
પરંતુ માતા નથી બદલાઈ.
એ જ ભાવમય માયાળુ મુખાકૃતિ
એવી જ વહાલભરેલી વાણી,
કાયા પર કાળનો પ્રભાવ પડવા છતાં
પણ મન પર નથી પડ્યો —

એ જ પ્રેમ, એ જ કરુણા, કલ્યાણકામના.
મને આવેલો જાણીને લાકડીને ટેકે બહાર આવી.
બોલવું હશે પણ બોલી ના શકી.
આંખની રોશની ઝાંખી પડી છે.
એમાંથી અશ્રુબિંદુ ટપકી પડ્યાં.

હું કેટલો બધો બદલાઈ ગયો છું ?
બાર વરસ પહેલાં અહીંથી નીકળેલો

ત્યારે અને આજે....
આજે કેવો છું, કેવો બની ગયો છું ?

પરંતુ માતા નથી બદલાઈ.
એના અશ્રુ એ જ છે.
એણે ક્રાંતિ કરી, મારી કાયાપલટ કરી.

***

## ૮૫. આઝાદી

ચારે તરફ અસત્ય, લાંચરુશ્વત, છળકપટ,
પદ-પ્રતિષ્ઠા-સત્તાની લાલસા તથા સ્પર્ધા,
લોકશાહીને નામે પક્ષનું શાસન,
ભ્રષ્ટાચાર, કારમી મોંઘવારી,
સત્તાધારી મનુષ્યોનો દંભ અને ઘમંડ,
તે જ રક્ષક મટીને બની ગયા ભક્ષક,
પ્રજાની યાતનાઓ-પીડાનો પાર નહીં;

શું આને માટે જ મેળવેલી આ આંશિક આઝાદી ?
શું આટલા માટે જ સેવેલું સ્વતંત્રતાનું સ્વપ્ન ?
આને માટે જ આપેલાં અનેકે આત્મબલિદાન ?

પ્રજા હવે થાકી છે, કંટાળી છે, સળવળી છે, જાગી છે;
ચારે તરફ આઝાદીને આઝાદીની લાય લાગી છે.

***

## ૮૬. લાડકવાયો

કોઈનો લાડકવાયો
વીસ વરસનો કોમળ લાડકવાયો
હોસ્પિટલમાં માતાને મળવા જઈ રહેલો ત્યાં જ
પોલીસની ગોળીનો શિકાર બન્યો,
અમદાવાદ શહેરનો કોઈ લાડકવાયો.

આજે એ શા માટે નીકળ્યો,
અને આજે જ શા માટે નીકળ્યો ?

માતા એની રાહ જુએ છે
હમણાં એ ભોજન લઈને આવી પહોંચશે,
એટલા માટે જ એ નીકળેલો.
એને શી ખબર કે ભોજનની થાળી રસ્તામાં જ રહી જશે,
અને એ પોતે પણ પોલીસની ગોળીનો ભોગ બનશે ?

હોસ્પિટલમાં માતા એની પ્રતિક્ષા કરતી'તી.
કોઈએ એને ગોળીબારના સમાચાર આપ્યા.
એ બોલી ઊઠી : આઝાદી પહેલાં આટલા બધા
ગોળીબાર નહોતા થતા,
આઝાદી પછી તો વાતવાતમાં......
એ વધારે ના બોલી શકી.
એને ખબર ન હતી, એનો લાડકવાયો આજે
નહોતો આવવાનો.

***

## ૮૭. સાર્થક્ય

સામ્રાજ્ય ?
સામ્રાજ્યતણી સ્પૃહા ના
સિંહાસનોની નવ કે અપેક્ષા
રાખી કદી જન્મ ધરી જગે મેં
અતૃપ્ત ઐશ્વર્યતણો વિચાર ના
કરે કદી, ના પદ કે પ્રતિષ્ઠા—
ના ખ્યાલ ભૂતાવળશા ભમાવી
દે ચિત્તને; વૈભવની તમન્ના
શકી જગાવી નવ આગ અંતરે.

સામ્રાજ્ય સ્વપ્ને પણ ના ચહું હું,
સામ્રાજ્યને શાશ્વત કિન્તુ સ્નેહનું
પામી મહાવૈભવમાં સદા ફરું;



સિંહાસને લેશ વિરાજવાનું
સૌભાગ્ય કોઈ ઉરમાં મળે તો
સાર્થક્ય આ જીવનું જરા ગણું.

***

## ૮૮. પ્રતીતિ

સત્યને સંકટો નથી ડરાવી શકતાં,
નથી ડરાવી કે ગભરાવી શકતાં;
ગોળીઓ ઘાયલ નથી કરતી,
વીંધી તો શું સ્પર્શીયે નથી શકતી;
ધાકધમકી પીડા પ્રતિકૂળતા
યાતના આલોચના વાસના
હતપ્રભ નથી બનાવી શકતી.

સૂર્યની આસપાસ છવાતાં અભ્રમંડળ,
એના તરફ ફૂંકાતા પ્રલયંકર પવન,
ચમકતી ચપલા અને ઊડતી રજકણ;
અનેકો દ્વારા જાણ્યે-અજાણ્યે કરાતી એમની અવજ્ઞા,
અને એ સઘળાની વચ્ચેથી પણ ફૂટતાં એનાં
કાંતિમય કિરણને નિહાળીને
મને એની પ્રતીતિ થાય છે.

***

**૮૯. ઓળખો છો ?**

ઓળખો છો મુજને ?
જરી મલકાવતાં મુખે તમે પૂછ્યું
અમીમય આંખને આંખમાં ભરતાં,
જણાવ્યું મેં એને, ઓળખું છું ;
યુગોથી ક્ષણવાર ના શકું ભૂલી;
તમોને ના ઓળખું ?
સ્નેહને સૌન્દર્યને કે સત્યને
અરે જ્યોતિર્પથ સનાતન તત્વને ?
છવાઈ વદને તમારા સંધિકા.

***

**૯૦. નયન**

કેવાં નમણાં નયન !
જાણે સુધાના સરોવરે સ્નેહનાં શયન.
કેવાં નમણાં નયન !

એમાં આશાની અખંડ જ્યોત જાગી ગઈ,
કોઈ વ્હાલની વર્ષાવેણુ વાગી ગઈ;
એવાં ગરવાં નયન, એવાં વરવાં નયન,
જાણે સુધાના સરોવરે સ્નેહનાં શયન.
કેવાં નમણાં નયન !

એને એકવાર અવલોકી લે જો જરી,
જાય સંપત્તિ સઘળી નીરસ તો થઈ;
એવાં ભરતી ભરેલાં રસીલાં નયન.
જાણે સુધાના સરોવરે સ્નેહનાં શયન.
કેવાં નમણાં નયન !



મળે મુજને તો પરવા કશીયે નહીં,
સ્વર્ગ વૈકુંઠ તીર્થ પછી ક્યાં કહીં;
એનાં રસમાં નહાયે નિરંતર નયન.
જાણે સુધાના સરોવરે સ્નેહનાં શયન.
કેવાં નમણાં નયન !

***

### ૯૧. મુખડું

તમારૂં મુખડું મધુથી મઢેલું,
કોઈ ધન્ય ઘડીયે ઘડેલું ... તમારુ મુખડું મધુથી મઢેલું.

ઘડવૈયો કોણ હશે એનો, કોને ચાક ચઢેલું;
કોના તનમનનું એના પર હશે પિયૂષ પડેલું ? ... તમારુ મુખડું.

મધુમય કેવું શાંત કેટલું કામણગારૂં કેવું,
પ્રાણવાન ને પવિત્ર પુરૂં જીવનથકી જડેલું. ... તમારુ મુખડું.

સર્જનની શોભાને સજતાં પદ્મ ન હો પ્રકટેલું,
એવું સુંદરતમ દીસે એ અક્ષય અમી અડેલું. ... તમારુ મુખડું.

રોજ રહો દ્રષ્ટિની સામે, હૈયે વસો હસેલું;
જીવન સાર્થક કરી દો મારું બનતાં સ્વર્ગ અનેરૂં. ... તમારુ મુખડું.

***

## ૯૨. રામાયણ

કહે છે કે માનવ આગળ વધ્યો.
અવકાશના આરોહણથી ચંદ્રલોકમાં પહોંચ્યો.
સુસંસ્કૃત બન્યો.

મચ્છરો મટ્યા નથી,
બગાઈઓ એવી ને એવી જ છે,
ખસ ખુજલી ખણખોદનો પાર નથી,
તો પણ કહે છે કે માનવ આગળ વધ્યો.

કથા તો એવીને એવી જ રહે છે.
અભિનય અલગ અલગ, પાત્રો પૃથક્ તો પણ
નાટક તો એવું જ ભજવાય છે.
યુગેયુગે, ક્ષણેક્ષણે સીતાહરણ થાય છે,
રામ વનમાં જાય છે,
સમુદ્ર પર સેતુ બંધાય છે,
રાવણ રણમાં રોળાય છે;
એનું એ રામાયણ રચાય છે.



***

## ૯૩. નગ્નતાનો નાચ

નગ્નતાનો નાચ માંડ્યો માનવે.
વસ્ત્ર છે જ નહીં પછી શું વસ્ત્રને
કરે એ પરિધાન ?
ચારેકોરથી
પ્રલયકારી પ્રસરતા પવનોમહીં
અહર્નિશ કંદૂકશો ક્રીડા કરે.
નગ્નતાનો નાચ માંડ્યો માનવે.

નથી કોઈની શરમ, સંકોચ ના,
માનની અપમાનની કે વેદનાતણી ના જ્વાળા.
નથી કો જાણતું.
અને જાણે તોય શું ? છોને કહે
કહેવું જે હોય તે, તેમજ ગણે.
વસ્ત્રવાળી વ્યક્તિયે વસ્ત્રો તજી
ખભે મૂકી ચાલતી; હદ છે હવે !
સભ્યતામાં સુસંગત સઘળું હશે,
નગ્નતાનો નાચ માંડ્યો માનવે.



***

## ૯૪. શાંતિથકી સહેવું

શાંતિથકી સહેવું, દર્દ સૌ શાંતિથકી સહેવું,
કો'ને ના કહેવું, દર્દ સૌ શાંતિથકી સહેવું.

પ્રેમપંથ છે વિકટ ખરેખર પ્રથમ લખી લેવું,
વિપત્તિ વેદન વ્યથા વિચારી દિલડું પછી દેવું.
પાછળથી પસ્તાવું ના, ના શૂન્ય થઈ રહેવું ... શાંતિથકી સહેવું.

હિંમત ને ધીરજથી આગે નિત ધપતા રે'વું,
આશાને ના કદી છોડવી, વહેણ સમ વહેવું.
માર્ગ કાઢવો છોને આવે દુઃખ ગમે તેવું, ... શાંતિથકી સહેવું.

અંતર હોય અશાંત છતાંયે વચન મધુર કે'વું,
સહેવાનું પણ સદા ન રહેતું સંત કહે એવું.
એમ વિચારી સહેવામાંયે સુખ ઉત્તમ લહેવું, ... શાંતિથકી સહેવું.

***

## ૯૫. પ્યાસ

પાણીમાં મીન પ્યાસી.

જન્મે જલમાં જીવે તેમજ મરે જલે અવિનાશી,
આનંદતણા અર્ણવમાંયે નિશદિન રહે ઉદાસી. ....પાણીમાં૦

પાણી એને મન મથુરા ને પુરી દ્વારકા કાશી,
પ્રાણ રમે છે પુણ્યરસે પણ મટે ન પાતકરાશિ; ....પાણીમાં૦

પુનમ છતાં ના પ્રકાશ તેમાં, તમ-સેના ના નાસી;
આઝાદીના ઉડે ફુવારા તોય ગળે છે ફાંસી. ....પાણીમાં૦

સંપત્તિનો પાર નથી પણ દીનતા રહી હાસી,
અચરજ થાય અનોખું મુજને રંક સ્વર્ગનાં વાસી. ....પાણીમાં૦

રડે ટળવળે વ્યથા ભોગવે શાશ્વત સુખનો રાશિ;
લોલ વિલોલ સુલોચન તોયે સૃષ્ટિ ન સાચી ભાસી. ....પાણીમાં૦

***

## ૯૬. વટવૃક્ષ

વટવૃક્ષને વિલોકીને મન વિચારે ચઢે છે :
માનવજીવન વિશાળ વટવૃક્ષ જેવું જ મમત્વયુક્ત છે, મધુર છે.
ઉપર ચઢે છે તો પણ નીચેનો પરિત્યાગ નથી કરી શકતું.

વટવૃક્ષને વિલોકીને મન વિચારે ચઢે છે :
જીવન તમારા પ્રેમમાંથી પોષાઈને,
પ્રેરણા પામીને,
પ્રબળ બને, પવિત્રતા પ્રતિ વળે,
અનેક આર્તને આવી રીતે શીળી છાયા પ્રદાન કરતું રહે.
આશીર્વાદરુપ, આશ્રયરુપ ઠરે.


છાયા સદા શીતળ નથી હોતી, તીખી પણ હોય છે.
ઠારે છે તેમ દઝાડે છે પણ ખરી.
તોપણ સ્નેહની એ સ્વર્ગીય છાયા
મારે માટે સદા સુધામય બને, શાંતિ ધરે.

વટવૃક્ષને વિલોકીને મનમાં મનોરથ જાગે છે :
જે પૃથ્વી પર પ્રકટ્યો છું એના પ્રેમને યાદ રાખીને
જીવનપર્યંત પોષણ પામું, પોષણ પ્રદાન કરું;
ઊગું ઊર્ધ્વમાં વિસ્તરું વિરાટમાં
પરંતુ પૃથ્વીને વિસ્મરું નહીં,
એનું પણ ધ્યાન રાખું.

વટવૃક્ષને વિલોકીને.....

***

## About the Author



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of 9. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than 100 books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની